જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકે

પ્રગટ કર્તા.

જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

# संक्षिप्त जैन रामायण.

સ

કીંમત ત્ર

અમદાવાદ-એંગ્લો વર્નાક્યુ

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

પ્રગટ કર્ત્તા.
શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

# સંક્ષિપ્ત જૈન રામાયણ.

સંવત ૧૯૫૭

કીંમત ત્રણ આના.

અમદાવાદ—એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસ.

# સુચના.

'શ્રી શત્રુંજય મહાત્મ્ય' ના નવમા સર્ગમાં શ્રી શત્રુંજય ઉપર ૧૧ મો ઉદ્ધાર કરનાર શ્રી રામચંદ્રનું ચરિત્ર 'શ્રી ધનેશ્વર સૂરિ' એ કહેલું છે. પ્રસંગે શ્રી રામચંદ્રના પૂર્વ પુરૂષોના અને બીજા હનુમાનાદિક અનેક મહા પુરૂષોના ચરિત્રો કહેલા છે, તેમજ લક્ષ્મણ વાસુદેવનું અને રાવણ પ્રતિવાસુદેવનું તો મુખ્યજ ચરિત્ર છે. શત્રુંજય મહાત્મ્ય ગ્રંથ એવો અપૂર્વ છે કે તેનું વર્ણન કરવું અમારી શક્તિની બહાર છે. દશ હજાર શ્લોક પ્રમાણ સંસ્કૃત પદ્યબંધ એ ગ્રંથનું અમે અતિ સુંદર ભાષાંતર છપાવીને બહાર પાડ્યું છે. બુકના પ્રમાણમાં કિંમત રૂ. ૨-૮ ૦ રાખી છે તે બહુ ઓછી છે. સદરહુ ગ્રંથની વાનકી તરીકેજ આ બુક શ્રી જૈનધર્મ પ્રકાશ ચોપાનીઆના ગ્રાહકોને ૧૬ મા વર્ષની ભેટ તરીકે આપવા માટે

છપાવી છે. આમાં છાપેલ ભાષાંતર સદ્દરહુ બુકમાંથી નવમા સર્ગનો અક્ષરશ: ઉતારોજ છે. અધિક કે ન્યૂન કરેલ નથી. આ બુક વાંચતાં જો રસીક અને ઉપયોગી માલમ પડે તો પછી આખો ગ્રંથ ખરીદ કરવાનો વિચાર કરશો. વિશેષ કહેવાની જરૂર નથી.

માગશર શુદી ૧ } શ્રી જૈનધર્મ પ્રસારક સભા.
સંવત ૧૯૫૭ } ભાવનગર.

# સંક્ષિપ્ત જૈન રામાયણ.

## શ્રી શત્રુંજય મહાત્મ્યાંતર્ગત.

### સર્ગ ૯ મો.

---

### શ્રી રામચંદ્ર વિગેરે મહા પુરૂષોનાં ચરિત્રો.

પોતાના અદ્‌ભુત વૈભવવડે ઉજ્વલ અને સર્વ જનના આ લોક અને પરલોકના અર્થની સિદ્ધિને માટે શુદ્ધમાર્ગને પ્રગટ કરનાર-જગત્પતિ શ્રી યુગાદિ દેવ ભગવંત જય પામે છે. મહાવીર પ્રભુ ઇંદ્રને કહે છે કે-હે ઇંદ્ર! ઇક્ષ્વાકુ વંશના પુરૂષ રત્નોનું અને આ ગિરિનું પણ, કર્ણને અમૃત સમાન એવું ચરિત્ર સાંભળો. શ્રી સુવ્રતજિનેંદ્રના[1] તીર્થમાં જન્મ પામેલા લક્ષ્મણ વાસુદેવનું, રામ બળદેવનું અને રાવણ પ્રતિવાસુદેવનું ચરિત્ર હવે હું તમને કહું છું.

---

૧ વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી.

અયોધ્યા નગરીમાં સૂર્યયશાના વંશામાં ઘણા રાજાઓ થયા પછી વિજય નામે એક રાજા થયો. તેની હિમચૂલા નામે રાણીથી તેને વજ્રબાહુ અને પુરંદર નામે બે પુત્રો થયા. તેમાં વજ્રબાહુએ પોતાના સાળાએ કરેલા હાસ્યથી દીક્ષા લીધી. વિજયરાજા પણ પોતાના રાજ્ય ઉપર પુરંદરને બેસારી દીક્ષા લઇને છેવટ મોક્ષે ગયા. એ પુરંદર રાજાને કીર્ત્તિધર નામે એક પુત્ર થયો અને કીર્ત્તિધરને સુકોશલ નામે પુત્ર થયો. સુકોશલે રાજ્યમાં ગર્ભવતી પત્નીને મુકીને વ્રત ગ્રહણ કર્યું. તે સુકોશલની માતા સહદેવી આર્ત્તધ્યાનથી મૃત્યુ પામીને વનમાં વાઘણ થઈ. તેણે સંયમી એવા પોતાના પતિ અને પુત્રને દેખીને પૂર્વના ક્રોધથી મારી નાંખ્યા. સુકોશલનો પુત્ર હિરણ્યગર્ભ થયો, અને તેનો પુત્ર નઘુષ નામે થયો. તેની ઉપર શત્રુઓ ચડી આવ્યા તે વખતે નઘુષ બીજે ઠેકાણે ગયેલ હોવાથી તેની રાણીએ શત્રુઓનો પરાજય કર્યો.

તે કાર્યથી તેના પતિ નઘુષને પોતાની સ્ત્રી અસતી છે એવું ચિંતવન થયું. એટલે તે સ્ત્રીએ પોતાના સતીપણાના પ્રભાવથી પોતાના પતિના દેહમાં રહેલા તીવ્રજ્વરને પોતાના હસ્ત સ્પર્શ માત્રથી દૂર કર્યો. તેમનો પુત્ર સોદાસ થયો, તે ઘણો હિંસા કરનાર થયો. તેથી મંત્રીઓએ તેને રાજ્યથી દૂર કરી તેના પુત્ર સિંહરથને રાજ્ય ઉપર બેસાર્યો. છેવટે સોદાસ પણ કોઇ મુનિ પાસેથી ધર્મ સાંભળી જીવદયા પાળવામાં તત્પર થયો, અને મહાપુર નગરનો રાજા અપુત્ર મરણ પામવાથી ત્યાંનો રાજા થયો, અન્યદા સોદાસે સિંહરથને જીતી બંને રાજ્ય ઉપર પાછો તેનેજ સ્થાપન કરીને ગુરૂ પાસે પવિત્ર ચારિત્ર ગ્રહણ કર્યું. સિંહરથનો પુત્ર બ્રહ્મરથ થયો, તેનો પુત્ર ચતુર્મુખ, તેનો પુત્ર હેમરથ, તેનો પુત્ર શતરથ, તેનો પુત્ર ઊદયપૃથુ,[1] તેનો વારિર-

---

૧ તેનો ઉદય અને ઉદયનો પૃથુ એમ પણ અન્યત્ર લેખ છે.

થ, તેનો આદિત્યરથ, તેનો માંધાતા, તેનો વીરસેન, તેનો પ્રતિમન્યુ, તેનો પદ્મબંધુ, તેનો રવિમન્યુ, તેનો વસંતતિલક, તેનો કુબેરદત્ત, તેનો કુંથુ, તેનો શરભ, તેનો દ્વિરદ, તેનો સિંહદશન, તેનો હિરણ્યકશિપુ, તેનો પુંજસ્થળ, તેનો કકુસ્થ, અને તેનો રઘુ–એ પ્રમાણે રાજાઓ થયા. તેઓમાં કેટલાક મોક્ષે અને કેટલાક સ્વર્ગે ગયા. તે પછી સાકેતપુર નગરમાં અનરણ્ય નામે રાજા થયો. તે પોતાના તેજથી શત્રુઓને ઢાંકી દેનાર થવાથી લોકોમાં વિખ્યાત થયો. તેણે બધી દિશાઓને જિતી લીધી પણ છેવટ પૂર્વકર્મના યોગે તેના શરીરમાં એકસોને સાત વ્યાધિઓ ઉત્પન્ન થઈ તેને પીડવા લાગ્યા. રોગની પીડાથી દુ:ખિત છતાં પણ અંતરમાં પરાક્રમવાળા તે રાજાએ દુ:સાધ્ય એવા સેંકડો રાજાઓને સાધ્યા (જીત્યા). અનુક્રમે અખંડ આજ્ઞાથી અનેક રાજાઓને દબાવી ત્રિખંડ પૃથ્વીમાં આભૂષણરૂપ એવા સૌરાષ્ટ્ર દેશમાં

તે આવ્યો. સંસારના શૃંગારભૂત એ રાજાએ ઉત્તમ વાસનાથી શત્રુંજયતીર્થે આવી પ્રભુને નમીને દ્વીપનગરને અલંકૃત કર્યું.

તે અરસામાં રત્નસાર નામે એક સાંયાત્રિકશિરોમણિ[1] અનેક વસ્તુઓથી વ્હાણ ભરીને સમુદ્રમાં જતો હતો. સારા પવનના યોગથી સુખે સુખે સમુદ્રમાં ચાલતું વ્હાણુ ઘણો માર્ગ ઉલ્લંઘન કરીને લોકોને લગભગ સમુદ્રના કિનારા નજીક લઈગયું. કિનારાપરના પર્વતો જોવામાં આવ્યા એટલે લોકોને જીવિતની આશા ઉત્પન્ન થઈ. તેવામાં અગ્નિદિશાના મુખમાંથી નાવિકોના આયુષ્યને હરે તેવો પ્રતિકૂલ પવન વાવા લાગ્યો. તત્કાળ યોગીની કંથાની જેમ ચડી આવેલા મેઘના વૃંદે સર્વદિશાઓમાં ફેલાઈ જઇને આકાશને ઢાંકી દીધું. સમુદ્ર પોતાના ઉદ્ધાર દાતારને આવેલો જાણી આલિંગન કરવાને ઇચ્છિતો હોય તેમ પોતાના ઊર્મિરૂપ કરવડે અત્યંત ઉછળવા લાગ્યો. તે

---

૧ સમુદ્ર માર્ગે મુસાફરી કરનારમાં મુખ્ય.

વખતે નાવપતિ વિચારમાં પડયો કે, 'આ જીવનહારી વંટોલીયો ભમે છે, જરૂર હવે કષ્ટ આવી પડયું. ચપળ ચિત્તને ધારણ કરનારા અને બુદ્ધિરહિત એવા મેં દ્રવ્યના લોભથી ઘણા માણસોને વ્હાણમાં બેસાર્યા તે ખોટું કર્યું. વાદળાના ભારવાળો જે આ મેઘ જીવન આપનાર છે, તે પવન રાજાનો દાસ થઈ અત્યારે જીવનને હરનાર થઈ પડયો છે. આ વ્હાણ તરંગરૂપ યષ્ટિના પ્રહારવડે હણાવાથી દડતા દડાની જેમ અત્યંત ચલાયમાન થયા કરે છે માટે જ્યાંસુધી આ વ્હાણ ડુબે નહીં અને લોકોનો નાશ થાય નહીં, ત્યાંસુધીમાં હું પોતે તો સમુદ્રમાં પડીને મારા જીવિતનો નાશ કરૂં ?—આવો વિચાર કરી તે નાવના પ્રાંતભાગ ઉપર આવ્યો, તેવામાં શ્રવણને પ્રિય લાગે તેવી અદૃશ્ય આકાશવાણી થઇ. "હે ભદ્ર ! સમુદ્રમાં પડવાનું સાહસ કરીશ નહીં, તારી આવી દશા મેં કરેલી છે. આ સમુદ્રની અંદર કલ્પવૃક્ષના પાટીયાના સં-

પુટમાં રહેલી ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથની નિર્મલ મૂર્ત્તિ છે. એ પ્રભાવિક પ્રતિમાને પ્રથમ એક લાખ વર્ષસુધી ધરણેંદ્રે પૂજેલી હતી; પછી છસો વર્ષસુધી કુબેરે પૂજી હતી, પછી ભક્તિવાળા વરૂણે પ્રાર્થનાસહિત તે અદ્દ્ભુત પ્રતિમાને પોતાને ઘેર લઈ જઈ સાત લાખ વર્ષ સુધી પૂજી હતી, હમણા અજયરાજાના[1] ભાગ્યથી તે પ્રતિમા અહીં આવેલી છે, માટે તેને બહાર કાઢી તે ઇક્ષ્વાકુ રાજાને આપ. તે રાજા હાલ સર્વ દિશાઓને જિતી દ્વીપપત્તનમાં રહેલો છે. માટે ત્યાં જઇ પ્રકાશિત સમૃદ્ધિવાળા તે રાજાને તારે આ પ્રતિમા અર્પણ કરવી. જે વખતે તે પ્રતિમાનું દર્શન કરશે, તેજ વખતે તેના દુષ્ટ કર્મ સાથે એકસો ને સાત રોગ તત્કાળ લય પામી જશે. અને બીજાઓને પણ તેવી રીતેજ ફળ મળશે. એ પ્રતિમાની પાસે રહેનારી પદ્માવતી નામે

---

૧ અનરણ્ય રાજાનું બીજુ નામ ' અજય ' જણાય છે.

હું પ્રભાવિક દેવી છું. અને આ બધો દેખાવ મેંજ કરેલોછે." આવી આકાશવાણી સાંભળી બુદ્ધિના ભંડાર રત્નસારે તત્કાળ પ્રતિમાને માટે નાવિકોને સમુદ્રમાં ઉતાર્યા. જેમ ધર્મને પ્રાપ્ત કરીને જીવ સમાધિપૂર્વક સ્વર્ગલોકની પાસે આવે તેમ પ્રતિમાનો સંપુટ લઈ તેઓ તરતજ નાવની પાસે આવ્યા. એટલે તેમને નાવમાં લઇ લીધા. તત્કાળ હળદરના રંગની જેમ, દુર્જનની મૈત્રીની જેમ અને કમલ ઉપરના જલબિંદુની જેમ મેઘનું પટલ દૃષ્ટ-નષ્ટ થઇ ગયું. ક્ષણવારમાં ચિંતાપટલના ક્ષયથી ચિત્તની જેમ, પવનના અનુકુલપણાથી પ્રાણીઓ પરમ પ્રસન્નતાને પ્રાપ્ત થયા. અંદર ગંભીર અને બહાર કોમલ એવા જિનાગમની જેમ સમુદ્ર ગંભીર છતાં પ્રસન્ન થઈ ગયો. અનુકુલ વાયુને યોગે નાવ સહજ સમયમાં દ્વીપનગરે આવી પહોચ્યું, એટલે એક પુરૂષે આગલ જઈ અજયપાલરાજાને વધામણી આપી. પાર્શ્વનાથને આવેલા સાંભળી

રાજા અજયપાલ નેત્રને પ્રફુલ્લિત કરતો એક ઘોડાપર બેસી તત્કાળ સામો આવ્યો. લોકોએ વાહાણમાંથી રાજાના નેત્રકમલને વિકસ્વર કરવાને સૂર્યસમાન એવો તે પ્રતિમાનો સંપુટ કિનારે ઉતાર્યો. પછી અનેક પ્રકારના વાજીત્રો વાગવા માંડ્યા, હર્ષથી કેટલાક સુભટો નૃત્ય કરવા લાગ્યા, અને ભાટ લોકો બિરૂદાવળી બોલવા લાગ્યા, તેમને ઘણાં દ્રવ્યનાં દાન રાજાએ આપવા માંડ્યા. વળી શહેર બધું ઉંચી ધ્વજાઓથી શોભિત અને કપૂર અને અગરૂના સુગંધથી સુવાસિત કરી દીધું. એવા મહોત્સવ સહીત રાજાએ તે પ્રતિમાના સંપુટને પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી રમણીય સિંહાસન ઉપર તે પ્રતિમાનો સંપુટ મુકી રાજાએ ભક્તિથી તેની પૂજા કરીને તે ઉઘાડ્યો. તેમાં શ્રી પાંર્શ્વનાથની સુંદર પ્રતિમા તેના જોવામાં આવી. એ પ્રતિમાને મસ્તકે શેષનાગની ફણીપર રહેલા મણિરત્નના કીરણોથી અંધકારના સમૂહનો નાશ થતો હતો, મસ્તક

પર રહેલા ત્રણ છત્રોથી શોભતા અને પદ્માસને બેઠેલા તે પ્રભુની બે પડખે ભુજામાં ચામર લઇને બે પ્રતિમા રહેલી હતી. ધરણેંદ્રે ધારણ કરેલા ઉંચા સિંહાસનપર પ્રભુ બેઠેલા હતા; તેમના નખના કીરણોની પ્રભાથી પ્રૌઢ નવગ્રહો ત્યાં પ્રાપ્ત થયા હોય તેમ જણાતું હતું. કૃત્રિમ અને સ્વભાવિક વિઘ્નોને નાશ કરે એવી તે પ્રતિમાના ઉરૂમાં શ્રીવત્સનું લાછન હતું. પ્રભાના વિસ્તારથી આવૃત અને સર્વ પ્રકારનાં આભૂષણોથી શોભિત તે પ્રભુ કલ્પવૃક્ષોનાં પુષ્પોની સુગંધથી સર્વ જગતને સુવાસિત કરતા હતા. તેમને જોતાંજ પંચાંગવડે પૃથ્વીને સ્પર્શ કરી હર્ષના ભારથી યુક્ત એવા તે રાજાએ, સુકૃતોના સંચયથીજ પામી શકાય એવા તે પાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કર્યો. તત્કાલ તે ( અજયપાળ રાજાના ) શરીરમાં આનંદસુધાનું પૂર પસરતાં તેનો રોગરૂપી સર્પ દૂર થઇ ગયો. તેથી તે ચિત્તમાં અત્યંત સંતોષ પામ્યો. પછી ભક્તિ-

થી તે પ્રતિમાનું અર્ચન કરીને તેને પોતાના સ્થાનમાં રાખી રાજા રત્નસારની સાથે પ્રીતિથી રાજ્યસુખ ભોગવવા લાગ્યો. તે રાત્રિએ અજયરાજા સ્વેચ્છાએ સુતો હતો, તે વખતે સર્વ રોગો સ્વપ્નામાં આવી તેને હર્ષથી કહેવા લાગ્યા. હે રાજા! તમે પૂર્વ ભવમાં મુનિને દુભાવ્યા હતા, તેનું ફળ આપવાને અમોએ તમને ઘણી પીડા કરી છે, તે ક્ષમા કરજો. શ્રી પાર્શ્વનાથના દર્શનથી હવે તમારા અંગથી અમે દૂર થયા છીએ. પણ અદ્યાપિ છ માસ પર્યંત તમારે તે કર્મ ભોગવવાનું બાકી રહેલું છે. માટે આ શેહેરના પરામાં સુર નામે એક પશુ પાલક રહે છે તેને, છાતી પુંછ અને મુખના ભાગમાં શ્વેતવર્ણવાળી એક બકરી છે, તેના શરીરમાં અમે પૂર્વકર્મથી બંધાઇને તેટલા કાલસુધી રહીશું, તેથી ત્યાંસુધી એ બકરીને તમે તૃણાદિકનો ચારો આપજો; તેમજ ચંદનમિશ્રિત તમારા દેહનું જલમિશ્રિત ઉદ્વર્ત્તન ( ધોવણ ) પણ તેને પીવા

આપજો; તેથી અમે ઘણાં પ્રસન્ન થઈશું. છ માસ પછી શ્રી પાર્શ્વનાથના પ્રભાવથી સુવર્ણના જેવી કાંતિવાળા થઇને તમે બહુ કાળ સુધી તમારા રાજ્યનું રક્ષણ કરશો. એમ કહીને તે વ્યાધિઓ કોઈ ઠેકાણે અંતર્ધાન થઇ ગયા. રાજાએ જાગૃત થઇને જોયું તો પોતાનો દેહ નિરોગી થયેલો જોવામાં આવ્યો. પોતાના રોગ શાંત થવાથી રાજાએ મોટા દાનવડે સર્વ મનુષ્યોને આનંદિત કરીને નગરમાં મોટો ઉત્સવ કર્યો. પછી અજય એવા નામથી નવીન નગર વસાવી, ત્યાં પાર્શ્વનાથનો એક ઉત્તમ પ્રાસાદ કરાવ્યો. તેના નિર્વાહને માટે દશ ગામ સહીત તે નગર આપ્યું, અને તેને માટે પૂજારીઓની ગોઠવણ કરી. રાજા પોતે ત્રણે કાળ ત્યાં જઇ શ્રી પાર્શ્વનાથની પૂજા કરવા લાગ્યો, જેથી તેના ઘરમાં પ્રતિદિન કલ્યાણવૃદ્ધિ થવા લાગી. પેલી રોગોએ બતાવેલી બકરીને અજયપાલરાજા પોતાને ત્યાં લાવ્યો અને તેમણે કહેલા વિધિવડે

તેટલા કાળસુધી તેનું અન્નપાનવડે પ્રતિપાલન કર્યું. તે સમયમાં સૌરાષ્ટ્રદેશના રાજકુલમાં થયેલે વજ્રપાણિ નામે રાજા ગિરિદુર્ગ નગરથી આવીને એ પોતાના ગોત્રીયને હર્ષથી મળ્યો. બન્ને તીર્થપર ધર્મથી શાસન ચલાવનાર એ રાજાને અતુલ પ્રીતિથી બહુ દેશ વિગેરે આપીને અજયરાજાએ તેનું સન્માન કર્યું. વજ્રપાણિ રાજાના આગ્રહથી અને અતિ ભક્તિથી પ્રેરાએલા રઘુના પુત્ર અજયપાળે ગિરનાર ઉપર આવી શ્રી નેમિનાથને નમસ્કારકર્યો અને પુજાભક્તિ કરી. પાછા પોતાના અજયપુરમાં આવી તેણે કર્મરૂપ પંકનું શોષણ કરવાથી કમળનું પણ ઉલ્લંઘન કરનાર એવા શ્રી પાર્શ્વનાથના ચરણકમળમાં નમસ્કાર કર્યો. તે સમયમાં કોઇ જ્ઞાની મુનિ ત્યાં પ્રભુને વંદના કરવા આવ્યા. રાજાએ તેમને પ્રણામ કરી તેનું ઉજ્વળ માહાત્મ્ય પુછ્યું. મુનિ બોલ્યા ''હે રાજા! આ બિંબનો પ્રભાવ હું શું કહું? પ્રત્યક્ષ લક્ષ્ય થતી વસ્તુમાં

કયો ચતુર માણસ સંદેહ કરે? આ પાર્શ્વનાથ પ્રભુના દર્શન માત્રથી, ચિરકાલથી પ્રરૂઢ થયેલા વ્યાધિઓ તમારા અંગમાંથી નાશ પામી ગયા. તેવીજ રીતે જે કોઇ પ્રાણી આ પ્રતિમાના દર્શન કરશે, તેમનાં નેત્ર, મુખ અને ઉદર સંબંધી સર્વ રોગો, અન્ય વ્યાધિઓ તેમજ બધી જાતના કુષ્ટ ( કોઢ ) નાશ પામી જશે. શ્રી પાર્શ્વનાથના સ્મરણથી શાકિની, ભૂત, વેતાળ, રાક્ષસ અને યક્ષ સંબંધી ઉપસર્ગો પણ દૂર થઈ જશે. આ તીર્થમાં જે કોઈ આ તીર્થંકરની સેવા કરશે તેમના કાલજ્વર, ઝેર, ઉન્માદ, રપને સંનિપાત પ્રમુખ સર્વ દોષો લય પામી જશે. અહીં જગદ્ગુરૂનું ધ્યાન કરવાથી વિદ્યા, લક્ષ્મી, સુખ, પુત્ર અને સ્ત્રીની અભિલાષા કરનાર પુરૂષોના સર્વ જાતના મનોરથો સિદ્ધ થશે. જે જિનબિંબ એકસો વર્ષ અગાઉનું હોય, તે તીર્થરૂપ ગણાય છે, તો આ પાર્શ્વનાથનું બિંબ તો લાખો વર્ષ સુધી દેવતા

ઓએ સ્વર્ગમાં અને સમુદ્રમાં પૂજેલું છે તેથી એ તીર્થ કહેવાય તેમાં તો શું કહેવું! માટે આ બિંબના દર્શનથી સર્વ પાપની શાંતિ થશે અને અહિં આપેલું દાન અધિક ફળને આપશે." આ પ્રમાણે તે બિંબનો મહિમા કહી રાજાની સંમતિથી તે મુનિવર્ય વેગથી આકાશમાં અલક્ષ્ય થઈ ગયા. સૌરાષ્ટ્રપતિ વજ્રપાણી રાજાએ સેવેલા અજયરાજાએ ૭ માસ સુધી ત્યાં રહી પછી સિદ્ધગિરિપર જઇને પ્રભુની પુજા કરી; તેમજ સ્નાત્રપૂજા, ઇંદ્રોત્સવ, મહાધ્વજા વિગેરે અનેક કૃત્યો કરી પોતાનો જન્મ સફળ કર્યો. પછી પોતાના રાજ્યમાં આવી શ્રી જિનોક્ત ધર્મને આચરી છેવટે વ્રત લઇને સ્વર્ગે ગયા.

તેનો મોટો પુત્ર અનંતરથ હતો તેણે વ્રત ગ્રહણ કર્યું હતું. તેથી પૃથ્વી રાણીથી થયેલો દશરથ નામે પુત્ર રાજ્યાધિપતિ થયો. તેને જાણે મૂર્ત્તિમાન્ લક્ષ્મી હોય તેવી કોશલ્યા, કૈકેયી, સુમિત્રા અને સુપ્રભા

નામે ચાર રાણીઓ હતી. અન્યદા કૌશલ્યાએ ગજ, સિંહ, ચંદ્ર અને સૂર્યના સ્વપ્નોએ સૂચિત એવા રામ અથવા પદ્મ નામના બળદેવ પુત્રને જન્મ આપ્યો; ત્યાર પછી સુમિત્રાએ હાથી, સિંહ, ચંદ્ર, સમુદ્ર, લક્ષ્મી, અગ્નિ અને સૂર્યના સ્વપ્નથી સૂચિત લક્ષ્મણ નામના નારાયણ (વાસુદેવ) પુત્રને જન્મ આપ્યો; કેકયરાજાની પુત્રી કૈકેયીએ શુભ સ્વપ્નવડે ભરત નામના શાંતપુત્રને જન્મ આપ્યો; અને સુપ્રભાએ શત્રુઘ્ન નામના પુત્રને જન્મ આપ્યો. વિદ્યાવિનયથી સંપન્ન અને ચતુર હૃદયવાળા ચાર પુત્રોવડે દાનાદિક ચાર અંગવડે ધર્મની જેમ દશરથરાજા શોભવા લાગ્યા. જેવી રીતે પદ્મ (રામ) અને નારાયણ પરસ્પર સ્નેહથી સાથે રહેવા લાગ્યા તેમ ભરત અને શત્રુઘ્ન પણ પરસ્પર સ્નેહથી સાથેજ રહેવા લાગ્યા.

તે સમયમાં મિથિલાપુરીમાં હરિવંશમાં વાસવકેતુ અને વિપુલા દેવીના પુત્ર

જનક નામે રાજા થયા. તેને વિદેહા નામે રાણી હતી. તેણે સારા સ્વપ્ન જોવાથી હર્ષિત થઈ તેજથી આકાશને પ્રકાશિત કરે તેવા એક પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો. તે વખતે સૌધર્મ દેવલોકમાંથી પિંગલ નામે એક દેવ પૂર્વ જન્મના વૈરથી ત્યાં આવી વેગથી તેમના પુત્રને હરી ગયો. પરંતુ પછી દયા આવવાથી તેને કુંડલાદિક આભૂષણો પેહેરાવી વૈતાઢયગિરિના વનમાં ધીમેથી મુકીને ચાલ્યો ગયો. તે વખતે રથનૂપુર નગરનો સ્વામી ચંદ્રગતિ નામે વિદ્યાધર ત્યાં નીકળ્યો. તેણે તે વનમાંથી તે બાળકને હર્ષથી લઇ પોતાની પત્ની પુષ્પવતીને સોંપ્યો. અને નગરમાં એવી આઘોષણા કરાવી કે, "આજે ચંદ્રગતિને ઘેર પુત્ર અવતર્યો છે." તે પુત્રના શરિરમાં પ્રભાનું મંડળ હતું, તેથી તેનું ભામંડળ એવું નામ પાડયું. ચંદ્રગતિ અને પુષ્પવતીએ લાલન પાલન કરેલો તે પુત્ર કલ્પવૃક્ષની જેમ અનુક્રમે મોટો થયો.

અહીં મિથિલા નગરીમાં જનક રાજા પુત્રને નહીં જોવાથી ખેદ પામ્યા. સર્વત્ર શોધ કરાવતાં પણ તેનો પત્તો લાગ્યો નહીં. કેટલેક કાળે શોકરહિત થઈ પુત્રીનું સીતા એવું નામ પાડયું. સંપૂર્ણ યૌવનવાળી પુત્રીને વરને યોગ્ય થયેલી જોઈ સ્વયંવરના ઉપાયનો નિશ્ચય કરીને જનક રાજા યોગ્ય વરની ચિંતારૂપ સાગરમાં મગ્ન થયા નહીં. તે સમયે આતરંગ વિગેરે મ્લેચ્છો દૈત્યની જેમ ક્રોધ કરી ધર્મનાં સ્થાનો અને લોકોને પીડા કરતા જનકરાજાની પૃથ્વીમાં ઉપદ્રવ કરવા લાગ્યા. જનકરાજાએ મિત્રતાને લીધે આ વૃત્તાંત દૂત મોકલી દશરથરાજાને જણાવ્યો. તે સાંભળી યુદ્ધ કરવાની ઇચ્છાવાળા રામ, પિતા દશરથને ત્યાં જતા નિવારીને પોતે રણભૂમિમાં આવ્યા. રણપ્રિય રામ સાથે યુદ્ધ થતાંજ તે શત્રુ રાજાઓ તત્કાળ નાશી ગયા. કેમકે 'સૂર્યના કિરણની પાસે અંધકારનો સમૂહ રહેવાને સમર્થ થતો નથી.'

રામના પરાક્રમથી હર્ષ પામેલો જનકરાજા તેમને પોતાના નગરમાં લાવ્યો. અને હર્ષથી તેને પોતાની પુત્રી સીતા આપવાની ઇચ્છા થઈ. તેવા વખતમાં પીળા કેશવાળા અને માથે છત્રી ધરનારા નારદ ત્યાં આવ્યા, તેની ભયંકર મૂર્ત્તિ જોઇ સીતા તત્કાળ ભય પામીને નાશી ગઈ. એટલે સીતાની સખીઓ કોલાહલ કરતી ત્યાં એકઠી થઇ ગઈ અને કોપ કરી કંઠ અને શિખાથી પકડી નારદને ઘરમાંથી કાઢી મુકયા. તેથી નારદને કોપ ચઢયો. એટલે તેણે સીતાનું રૂપ એક વસ્ત્ર ઉપર ચીતરીને તે ચંદ્રગતિના પુત્ર ભામંડલને બતાવ્યું. ભામંડલ સીતા પોતાની બેન છે, તે જાણ્યા વગર કામ વિહ્વલ થઈ અલ્પ જલમાં રહેલાં માછલાંની જેમ ઉદ્વિગ્ન ચિત્તવાળો થઈ ગયો. ચંદ્રગતિએ પોતાના પુત્રના ઉદ્વેગનું કારણ સીતા છે એવું જાણીને તત્કાળ ચપલગતિ વિદ્યાધરની પાસે જનકનું હરણ કરાવી પોતાની પાસે બો-

લાવ્યા અને પ્રીતિથી તેની પાસે સીતાની માગણી કરી. તેણે કહ્યું કે, મેં દશરથના પુત્ર રામને સીતા આપેલી છે. ચંદ્રગતિ બોલ્યો—હું સીતાને હરવા સમર્થ છું તે છતાં સ્નેહની વૃદ્ધિ થાય તેવું ધારી તમને અહિં બોલાવીને મેં સીતાની માગણી કરી છે, તેના ઉત્તરમાં તમે આમ કહોછો તો મારી પાસે વજ્રાવર્ત્ત અને અર્ણવાવર્ત્ત નામે બે દિવ્ય ધનુષ્યો છે, તેને રામ કે મારો પુત્ર ભામંડલ જે ચડાવે તે સીતાને પરણે તેવું પણ કરો. જનકરાજા તે પ્રમાણે કબુલ કરીને પોતાની નગરીમાં આવ્યા અને એક મંડપ કરાવી તેમાં તે બન્ને ધનુષ્ય મુકયાં. પછી પ્રત્યેક રાજપુત્રને આમંત્રણ કરતાં 'હું પ્રથમ જઇશ, હું પ્રથમ જઈશ' એમ પ્રૌઢ હર્ષ ધરતાં અનેક ભૂચર અને ખેચરો ત્યાં આવવા લાગ્યા. ભામંડલને લઇને ચંદ્રગતિ ત્યાં આવ્યો અને ચોતરફ થી બીજા વિદ્યાધર રાજાઓ પણ ત્યાં આવ્યા. રામાદિ ચાર પુત્રોથી પરવરેલા દશ-

રથરાજા હર્ષ ધરી બીજા રાજાઓને સાથે
લઇ ત્યાં આવ્યા. જનકે સર્વ રાજાઓને
યથાયોગ્ય માન આપ્યું, અને રામાદિકના
પિતા દશરથને વિશેષ માન આપ્યું. પછી
શુભ દિવસે પ્રાત:કાલે યથાયોગ્ય સ્થાનપર
સર્વ રાજાઓ બેઠા એટલે સીતાકુમારી સું-
દર વેષ ધારણ કરી સુખાસનમાં બેસી મં-
ડપમાં આવી. પછી પોતાના બળથી ઉદ્ધત
એવા જે રાજકુમારો અને ખેચરો ત્યાં
આવેલા હતા, તે સર્વે ધનુષ્યને ચડાવવામાં
અસમર્થ થતાં પોતાના મુખકમળને નીચા
કરી રહ્યા. તે વખતે કુમાર શ્રીરામે મંચ
ઉપરથી ઉતરી એક લીલામાત્રવડે ધનુષ્યને
હાથમાં લઈ નિષ્ઠુર શબ્દ કરતું પણછ ઉ-
પર ચડાવ્યું. એટલે તત્કાળ જનક કુમારી
સીતાએ પુષ્પની વૃષ્ટિસાથે રામના કંઠમાં
વરમાળ આરોપણ કરી. લોકોએ હર્ષથી
મહાન્ કોલાહલ કર્યો. પછી બીજું ધનુષ્ય
લક્ષ્મણે ચડાવ્યું, એટલે ત્યાં આવેલા વિ-
દ્યાધરોએ તેમને પોતાની અઢાર કન્યાઓ

આપી. શુભ દિવસે રામ અને સીતાનો વિવાહ થયો. ભરતકુમાર કનક રાજાની[1] પુત્રી ભદ્રાને પરણ્યા. પછી જનકની અનુમતિ લઈને દશરથરાજા ચારે પુત્રોની સાથે પોતાને નગરે ગયા, અને બીજા રાજાઓ પણ તે ઉત્સવ જોઈને સ્વસ્થાને ગયા. ઉગ્ર પરાક્રમવાળા દશરથ રાજા રામ પ્રમુખ પુત્રો વડે સમુદ્રપર્યંત પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા.

એક વખતે દશરથરાજાએ એક કંચુકીની[2] સાથે પોતાની રાણી સુમિત્રાને જિન સ્નાત્રનું જળ મોકલ્યું અને બીજી રાણીઓને દાસીઓની સાથે મોકલાવ્યું. દાસીઓ યૌવનવયને લીધે સત્વર સ્નાત્રજળ લાવી એટલે બીજી રાણીઓએ સુમિત્રાની અગાઉ તે સ્નાત્રજળ અભિવંદિત કર્યું. પેલો કંચુકી વૃદ્ધપણાને લીધે સત્વર લાવી શક્યો નહીં. એટલે તે હકીકત જાણ્યા વગર સુમિત્રાએ પોતાનું માનભંગ થયેલું જાણીને દુઃખથી કંઠમાં પાશ નાંખ્યો.

---

૧ જનક રાજાના ભાઈ. ૨ વૃદ્ધ પુરૂષ.

'અર્હંતના સ્નાત્રજળથી મને પ્રથમ સંભાવિત કરી નહીં' એવું વિચારવાથી કોપ ધરતી સુમિત્રાને જાણી, દશરથરાજા તેને મનાવવાને આવ્યા. રાણીની તેવી અવસ્થા જોઈ 'હે ચંડે! આ શું કરોછો?' એમ બોલતા રાજાએ તેનો કંઠપાશ છેદી નાખ્યો અને તેને પોતાના ઉત્સંગમાં બેસારી. તે વખતે કંચુકી સ્નાત્રજળ લઇને આવ્યો, તેને રાજાએ પુછ્યું કે, 'કેમ આટલો બધો ધીમો આવ્યો?' એટલે તેણે પોતાનું વૃદ્ધપણું જણાવ્યું. મુખમાંથી લાળ પડેછે, કેશ ધોળા થઇ ગયા છે અને ધ્રુજતો ધ્રુજતો મંદગતિએ ચાલે છે; એવા તે કંચુકીને જોઇને રાજાના મનમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો કે, અહો! આ શરીરરૂપી વૃક્ષને પડતા ઘરની જેમ અને અર્ધા ઉન્મૂળેલા વૃક્ષની જેમ સ્થિર કરવાને કોઇપણ સમર્થ નથી. માટે જ્યાંસુધી આ મારૂં શરીર જરાવસ્થાથી હણાઇ ગયું નથી ત્યાંસુધીમાં હું આત્માર્થ સાધવાને પ્રયત્ન કરીશ, સા:

સારિક બીજાં સુખ શા કામનાં છે? આવો વિચારકરી દશરથરાજા સભામંડપમાં ગયા.

એ પ્રમાણે કેટલોક કાળ નિર્ગમન કરી અન્યદા દશરથરાજા કોઇ મુનિને વાંદવા ગયા. મુનિને વાંદીને તેમની આગળ બેઠા, તેવામાં અકસ્માત ભામંડલ વિદ્યાધર ફરતો ફરતો ત્યાં આવ્યો. જ્ઞાનનિધિ મુનિએ સર્વ સુખનું કારણ એક ધર્મજ છે એમ કહ્યું અને પુંડરીકગિરિનું નિર્મળ માહાત્મ્ય સંભળાવ્યું. પછી ભામંડળે પોતાની પૂર્વ હકીકત પૂછતાં પોતે સીતાની સાથે યુગલરૂપેજ જન્મેલ છે, એ વૃત્તાંત તે મુનિરાજના કહેવાથી જાણીને તેણે સીતાની પાસે જઇ ક્ષમા માગી પ્રણામ કર્યો. તેણે પણ તેને આશિષ આપી. પછી ભામંડળના આગ્રહથી દશરથરાજા ચાર પુત્રો, મંડલિક રાજાઓ, શાહુકારો અને રાણીઓની સાથે પોતાનો જન્મ સફળ કરવા માટે તીર્થયાત્રા કરવા ચાલ્યા. માર્ગમાં તેમણે પંચવિધદાન આપી પુષ્કળ સુકૃત ઉપાર્જન કર્યું

સાથે રાખેલા દેવાલયમાં સ્થાપેલા જિને-
શ્વરની પૂજામાં તત્પર રહેતા અને સ્થાને
સ્થાને નગરના ચૈત્યોમાં જિનપૂજા કર
તા તેમજ મુનિઓને નમતા માર્ગે ચા-
લ્યા. અનુક્રમે શત્રુંજય ગિરિપર આવી
જિનેશ્વરોને નમસ્કાર કર્યા અને ત્યાં કેટ-
લાક ઉત્તમ પ્રાસાદો કરાવ્યા તેમજ ભક્તિ
પૂર્વક ગુરૂપૂજન કરી તેમને દાન આપી
યથાવિધિ યાત્રા કરીને દશરથરાજા સંઘ-
સાથે પર્વતપરથી નીચે ઉતર્યા.

આગળ ચાલતાં ચંદ્રપ્રભાસ નગરમાં
સીતાએ એક નવીન ચૈત્ય કરાવી તેમાં
પોતેજ ચંદ્રપ્રભ પ્રભુની સ્થાપના કરી.
ગુરૂમહારાજ પાસે પ્રતિષ્ઠા કરાવી, પૂજા
ભક્તિ કરી, ગુરૂને પ્રતિલાભી સેંકડો સ-
તીઓએ સ્તુતિ કરેલાં સીતાસતીએ તે તી-
ર્થમાં પ્રભાવના કરી. ત્યાંથી રાજા દશરથે
રૈવતગિરિપર જઇ નેમિનાથની પૂજા કરી
અને સુપાત્રે દાન આપી તીર્થોદ્ધાર કર્યો.
નજીકમાં બરટ ( બરડો ) નામના ગિરિને

જોઈ રાણી કૈકેયી ઉત્સુક થઈ પતિની સં-
મતિથી રામાદિક પુત્રોને લઈ ત્યાં ગઈ. તે
ગિરિ ઉપર બરડા રાક્ષસે કરાવેલું શ્રી
નેમિનાથનું ચૈત્ય હતું તેમાં ભક્તિપૂર્વક
મોટો ઉત્સવ કરી તેણે યાચકોને પુષ્કળ
દાન આપ્યું. તે ચૈત્ય જીર્ણ થઈ ગયેલું
જોઈ ખેદ પામીને કૈકેયીએ તેનો ઉદ્ધાર
કર્યો અને હર્ષથી તેમાં શ્રી નેમિનાથની
પુનઃ સ્થાપના કરી. ત્યાં તેણે મહાતીર્થનું
નિર્માણ કર્યું તેથી તે પાપનાશક તીર્થ તે-
ના નામથી જગતમાં પ્રખ્યાત થયું. લંકા
નગરીમાં કૌશલ્યાએ શ્રી વૃષભનાથનું ચૈ-
ત્ય કરાવી તેમાં ગુરૂ પાસે પ્રતિષ્ઠા કરાવી.
પ્રભાવિક સુપ્રભાએ વલભિનગરમાં એક
ઉન્નત ચૈત્ય કરાવી, તેમાં મહોત્સવપૂર્વક
શ્રી શાંતિનાથની પ્રતિષ્ઠા કરી. કાંપિલ્ય
નગરમાં રામે અને વામન નગરમાં લક્ષ્મણે
આદિનાથ પ્રભુના ઊંચા પ્રાસાદ કરાવ્યા.
બીજા કુમારોએ, સામંતોએ, મંડલિકોએ
અને ભામંડલે શ્રીઅર્હંતપ્રભુના અનેક ચૈ-

ત્યો કરાવ્યા. એવી રીતે દશરથરાજા સર્વ તીર્થોની યાત્રા કરીને હર્ષસહિત મોટા ઉત્સવવાળા પોતાના નગરમાં પાછા આવ્યા. પછી સંસારથી ઉદ્વેગ પામી સભામાં આવીને દશરથરાજાએ રાજ્ય આપવાને માટે પોતાના પુત્રોને બોલાવ્યા. એટલે તત્કાળ તેઓએ આવી પિતાને નમસ્કાર કર્યો.

એ સમયે મહા કપટી કૈકેયીએ યોગ્ય અવસર જાણી પોતાને પૂર્વે આપેલાં બે વરદાન ભક્તિપૂર્વક રાજા પાસે માગ્યાં. તે એવી રીતે કે 'હે સ્વામી! મારા પુત્ર ભરતને રાજ્ય આપો અને કુમાર શ્રી રામનો લક્ષ્મણની સાથે ચૌદ વર્ષ સુધી અરણ્યમાં વાસ કરાવો.' અકાળે વજ્રપાત જેવું આ વચન સાંભળી દશરથરાજાને મુર્છા આવી. પછી થોડીવારે સંજ્ઞા મેળવીને તે મનમાં ઉદ્વેગ કરવા લાગ્યા. તે ખબર સાંભળીને સીતા અને લક્ષ્મણ સહિત રામે પિતાની પાસે આવી નમસ્કાર કર્યો, અને લોકોએ અનુમોદન આપવાથી

તત્કાળ તેઓ વનવાસ માટે ચાલ્યા. તેમના જવાથી જેમ મસ્તક વિના શરીર, નાસિકા વિના મુખ શોભા, તારા (કીકી) વિના નેત્ર, પત્રવિના વૃક્ષ, જળવિના તલાવડી, દેવવગર ચૈત્ય, વિનયવિના વિદ્યા, સિંહવિના ગુફા, સૂર્ય કે ચંદ્ર વિના આકાશ, અને મષીરેખાવગર ચિત્રપંક્તિ ન શોભે તેમ અયોધ્યા નગરી શોભારહિત થઈ ગઈ. પવિત્ર હૃદયવાળા દશરથે તો રાજ્ય ઉપર ભરતને બેસારી સત્યભૂતિ મુનિની પાસે વ્રત ગ્રહણ કર્યું.

અરણ્યમાં પ્રવાસ કરતાં રામચંદ્ર વિગેરેને માર્ગમાં એક ગંભીર નદી આવી તે ઉતરીને વડના વૃક્ષની નીચે બેઠા. ત્યાં રામચંદ્રે લક્ષ્મણને કહ્યું—ભાઈ લક્ષ્મણ! આ દેશ કોઇના ભયથી હમણાજ ઉજડ થયેલો જણાય છે, કેમકે વૃક્ષો બધાં રસ સહિત છે અને ધાન્યના ખળાં ધાન્યવડે ભરેલાં પડ્યાં છે. આ પ્રમાણે બન્ને ભાઇઓ વાર્તા કરે છે તેવામાં ત્યાં કોઈ પુરૂષ

આવ્યો-તેને ઉદ્ધાર વાણીવાળા રામે તે દેશ ઉજડ થવાનું કારણ પુછયું. તે પુરૂષ બોલ્યો-આ દેશનો સિંહકર્ણ નામે એક રાજા છે, તેને એવો ઉજ્વળ નિયમ છે કે, શ્રી અર્હંતદેવ અને સાધુ ગુરૂવિના બીજા કોઇને નમસ્કાર કરવો નહીં. તેનો આવો નિયમ સાંભળી સિંહોદર નામે તેનો ઉપરી રાજા ક્રોધથી તેની ઉપર ચડી આવ્યો. તેના ભયથી સિંહકર્ણ દૂર નાશી ગયો. ત્યારથી આ દેશ ઉજડ થઇ ગયેલ છે. આ પ્રમાણે દેશ ઉજડ થવાનો હેતુ સાંભળી પદ્મકુમારે (રામે) આદરથી સુમિત્રાના પુત્ર લક્ષ્મણની પાસે તત્કાળ તે શ્રાવક સિંહકર્ણને, સિંહોદરનો ભય દુર કરાવીને આદરપૂર્વક તેના રાજ્યપર સ્થાપન કરાવ્યો.[1] ત્યાંથી રામ આગળ ચાલ્યા. ત્યાં એક સ્થાનકે આકાશમાંથી બે વિદ્યાધર મુનિ નીચે ઉતર્યા. સીતાએ ભક્તિથી તેમને પ્રતિલાભિત કર્યા, એટલે દેવતાઓએ આદરથી ત્યાં સુગંધી જ-

---

૧ આનો વિશેષ અધિકાર જૈન રામાયણમાં છે.

ળની વૃષ્ટિ કરી. તેનો સુગંધ સુંઘવાને જટાયુ નામનો એક પક્ષિરાજ ત્વરાથી ત્યાં આવ્યો. બંને મુનિરાજની પાસેથી ધર્મોપદેશ સાંભળતાં જટાયુને જાતિસ્મરણ થયું, તેથી હિંસા તજી દઇને તે જાનકીની સાથે રહ્યો. તેમને જિનધર્મમાં સ્થિર કરીને તે બંને મુનિ આકાશમાર્ગે સાશ્વત અર્હંતને વંદના કરવા ગયા.

રાક્ષસદ્વીપમાં રહેલી લંકાનગરીને વિષે અજિત તીર્થંકર વિહાર કરતા હતા ત્યારે ધનવાહન નામે રાક્ષસવંશી રાજા થયો હતો. રાક્ષસોના ઇંદ્ર ભીમે પોતાના મોટા ભાઈ ધનવાહનને રાક્ષસી વિદ્યા આપી હતી. તેથી તે રાક્ષસવંશ કહેવાણો હતો. ધનવાહનનો પુત્ર મહારાક્ષસ નામે શ્રી જિનેશ્વરના ચરણકમળમાં ભ્રમર જેવો થયો. તેનો પુત્ર દેવરાક્ષસ થયો, તે દિક્ષા લઇને મોક્ષે ગયો. એવી રીતે તે રાક્ષસવંશમાં ઘણા રાજાઓ થયા. અનુક્રમે શ્રેયાંસપ્રભુના તીર્થમાં કીર્ત્તિધવલ નામે રાજા થયો. તેણે

વૈતાઢ્યગિરિ ઉપરથી શ્રીકંઠ નામના ખેચરને પ્રીતિથી લાવી કપિ (વાનર) દ્વીપમાં વસાવ્યો. ત્યાં ત્રણસો યોજનના વિસ્તારવાળા કિષ્કંધ નામના પર્વત ઉપર કિષ્કિંધા નામે તેની એક ઉત્તમ રાજધાની થઇ. ત્યાં રહેનારા સર્વે લોકો વાનર દ્વીપનું ચિન્હ રાખતા હતા. અને તેઓએ વાનરના જેવું શરીર થાય તેવી વિદ્યા પણ સાધી હતી. તેથી તેઓ વાનર કહેવાતા હતા. શ્રીકંઠ ખેચર પછી વજ્રકંઠ વિગેરે ઘણા રાજાઓ તેના વંશમાં થઇ ગયા, પછી મુનિસુવ્રત પ્રભુના તીર્થમાં ધનોદધિ નામે એક રાજા થયો. તે વખતે લંકાપુરીમાં તડિત્કેશ નામે રાજા હતો. તે બંને રાજાઓની વચ્ચે પૂર્વની જેમ ઘાટો સ્નેહ બંધાણો. કિષ્કિંધા નગરીમાં ધનોદધિનો પુત્ર કિષ્કિંધિ નામે થયો અને લંકામાં તડિત્કેશનો પુત્ર સુકેશ નામે થયો. વિદ્યાધરના રાજા અશનિવેગે તે બન્નેને જીતી લીધા તેથી લંકા અને કિષ્કિંધાના પતિ કિષ્કિંધિ અને સુકેશ ભય

પામીને પાતાળલંકામાં જતા રહ્યા. ત્યાં (પાતાળલંકામાં) સુકેશને ઇંદ્રાણી નામની સ્રીથી માલી, સુમાલિ, અને માલ્યવાન્ નામે ત્રણ પુત્રો થયા. અને કિષ્કિંધિને શ્રીમાળા નામે સ્રીથી આદિત્યરજા, અને ઋક્ષરજા નામે બે પુત્રો થયા. એકદા કિષ્કિંધિરાજા મેરૂપર્વતપર સાશ્વત અર્હંતની યાત્રા કરીને પાછો ફરતાં મધુપર્વત ઉપર આવ્યો. અને ત્યાં નવી કિષ્કિંધાનગરી વસાવીને સુખે સુખે રહેવા લાગ્યો.

પાતાળલંકામાં રહેલા સુકેશના ત્રણ પુત્રોએ ક્રોધથી લંકામાં આવી પૂર્વના વૈરવડે અશનિવેગના સેવક નિર્ઘાતને મારી નાખ્યો. પછી ત્યાં માલી રાજા થયો. અને કિષ્કિંધામાં આદિત્યરજા રાજા થયો. તે બંનેને પણ પરસ્પર સ્નેહ થયો. અશનિવેગને સહસ્રાર નામે પુત્ર થયો અને તેને ચિત્રસુંદરી નામે સ્રીથી ઇંદ્રનામે પુત્ર થયો તેણે ઇંદ્ર જેમ લોકપાલને સ્થાપિત કરે તેમ પોતાના ચાર લોકપાળ કર્યા અને

પાછા કપિઓ અને રાક્ષસોને પરાજિત કરીને પાતાળલંકામાં કાઢી મુકયા. ત્યાં સુમાલીને રત્નશ્રવા નામે પુત્ર થયો. તેણે અનેક વિદ્યાઓ સાધી હતી. તેને કૈકસી નામે સ્ત્રી હતી. તેનાથી અતિ દુર્મદ રાવણ નામે એક પુત્ર થયો. તેણે પહેરેલા હારમાં મોટાં નવરત્નો હતાં, તેમાં તેના મસ્તકનાં પ્રતિબિંબ પડવાથી તેનું દશમુખ એવું સત્યાર્થ નામ પ્રખ્યાત થયું. ત્યાર પછી કુંભકર્ણ સુર્પણખા, અને વિભીષણ એ ત્રણ સંતાનને કૈકસીએ અનુક્રમે જન્મ આપ્યો. પોતાની માતાના મુખથી શત્રુઓ થકી થયેલો પૂર્વ પરાભવ સાંભળી, તે ત્રણે બંધુ વિદ્યા સાધવાને માટે ભીમારણ્યમાં ગયા. ત્યાં રાવણને એક હજાર મોટી વિદ્યા; કુંભકર્ણને પાંચ વિદ્યા અને વિભીષણને ચાર વિદ્યા પ્રાપ્ત થઈ. મય નામના ખેચરેશની હેમવતી નામની સ્ત્રીથી ઉત્પન્ન થયેલી મંદોદરી નામે એક સુંદર સ્ત્રીને રાવણ પરણ્યો. તે શિવાય તેના ગુણથી રંજિત થઇને પોતા-

ની મેળે પ્રાપ્ત થયેલી ૭ હજાર ખેચર રાજાઓની કન્યાઓને તે પરણ્યો. તડિન્માળા (વિજળીની શ્રેણી) ને મેઘની જેમ મહોદર રાજાની પુત્રી તડિન્માળાને કુંભકર્ણ પરણ્યો. અને વીર વિદ્યાધરની પુત્રી પંકજશ્રીને માતાપિતાની આજ્ઞાથી વિભીષણ હર્ષ સાથે પરણ્યો. અનુક્રમે મંદોદરીએ શુભલગ્ને ઇંદ્રજીત્ અને મેઘવાહન નામના બે કુમારને જન્મ આપ્યો.

એક વખત ઇંદ્રરાજાના સેવક વૈશ્રવણ વિદ્યાધરને જિતીને રાવણે તેની પાસેથી પુષ્પક વિમાન સહીત પોતાની લંકા નગરી મેળવી. ઇંદ્રરાજાના સેવક યમને જિતી, તેણે કરેલા કૃત્રિમ નરકને ભાંગી કિષ્કિંધા નગરી પોતાના મિત્ર આદિત્યરજાને આપી અને એક નવું ઋક્ષપુર નામે શહેર વસાવી તે ઋક્ષરજાને આપ્યું. આદિત્યરજાને વાલી નામે એક અતિ બલવાન્ પુત્ર થયો. ત્યાર પછી બીજો પસક્રમી સુગ્રીવ નામે પુત્ર અને શ્રીપ્રભા

નામે એક પુત્રી થઈ. ઋક્ષરજાને હરિકાંતા નામની કાંતાથી નલ અને નીલ નામે બે જગદ્વિખ્યાત પુત્રો થયા. આદિત્યરજાએ વાળીને રાજ્ય આપી અને સુગ્રીવને યુવરાજ કરીને દીક્ષા ગ્રહણ કરી. એક ખર નામના રાક્ષસે સૂર્પણખાનું હરણ કરી, આદિત્યરજાના પુત્ર ચંદ્રોદર રાજાને જિતી પાતાળલંકા કબજે કરી લીધી. તે સાંભલી રાવણને ક્રોધ ચડયો પણ મંદોદરીના કહેવાથી ક્રોધ છોડી પોતાના બનેવી ખરને દૂષણ નામના રાક્ષસ સાથે પાતાળ લંકાના રાજ્ય ઉપર પોતેજ બેસાર્યો. ચંદ્રોદર મૃત્યુ પામ્યા પછી તેની સ્ત્રી અનુરાધાએ વનમાં રહીને એક વિરાધ નામના ગુણવાન્ પુત્રને જન્મ આપ્યો.

એક વખતે વાનરોના અધિપતિ વાલી ઘણો બલવાન્ થયો છે, એવું સાંભળી તેને નહીં સહનકરનારા દશમુખે એક દૂત મોકલીને તેને સત્વર પોતાની પાસે બોલાવ્યો. દૂતે ત્યાં જઇ આવી રાવણને

કહ્યું કે, ' વાલી અર્હંત શિવાય બીજા કોઇને નમતો નથી.' તે સાંભળીને તત્કાલ રાક્ષસપતિ રાવણે મોટી સેના લઇને તેના ઊપર ચડાઇ કરી. બલવાન્ વાલી ઘણાં અસ્ત્રોથી યુદ્ધ કરી છેવટ ચંદ્રહાસ ખડ્ગસહિત લંકાપતિને પોતાની કાખમાં લઈ ચાર સમુદ્ર સંયુક્ત પૃથ્વીપર ક્ષણવારમાં ફરી આવ્યો. પછી વૈરાગ્યયુક્ત હૃદયવાળા વાલીએ રાવણને છોડી દઇ પોતાના રાજ્ય ઉપર સુગ્રીવને બેસારીને દીક્ષા લીધી. સુગ્રીવે પોતાની બેન શ્રીપ્રભા રાવણને આપી અને વાળીના પુત્ર ચંદ્રરશ્મિને યુવરાજપદ સ્થાપન કર્યો.

એક વખતે રાવણ વૈતાઢ્યગિરિ ઉપર રત્નવલીને પરણવા માટે આકાશમાર્ગે જતો હતો, તેવામાં અષ્ટાપદ ઉપર તેનું વિમાન સ્ખલિત થયું. તેના હેતુનો તપાસ કરતાં નીચે કાયોત્સર્ગ કરી સ્તંભની પેઠે નિશ્ચલ થઇને રહેલા વાલી મુનીને દીઠા. ' હજુ પણ આ વાલી મારી ઉપર

ક્રોધ ધરી દંભથી મુનિનો વેષ ધરી રહ્યો છે, માટે તેને આ પર્વત સહિત ઉપાડીને લવણ સમુદ્રમાં નાખી દઉં.' આ પ્રમાણે વિચારી રાવણ થોડી પૃથ્વી ખોદીને પર્વતની નીચે પેઠો, અને અતિગર્વથી પોતાની સહસ્ત્ર વિદ્યાઓનું સ્મરણ કર્યું. પછી જેના પાષાણના સાંધાઓ તુટી રહ્યા છે, જેની પાસેનો સમુદ્ર ખળભળી રહ્યો છે અને જેની ઉપરનો પ્રાણીસમૂહ ઉદ્‌ભ્રાંત થઇ ગયો છે એવા તે પર્વતને રાવણે ઉપાડયો. તે વખતે "અરે ! મારી ઉપરની અદેખાઇથી આ રાવણ આ મહા તીર્થનો વિનાશ કરે છે, માટે હું નિઃસંગ છતાં પણ તેને શિક્ષા મળવા માટે જરાક બળ બતાવું." આવો વિચાર કરી વાલી મુનિશ્વરે વામચરણના અંગુઠાના અગ્રભાગથી અષ્ટાપદ પર્વતના શિખરને જરા માત્ર દબાવ્યું એટલે ગાત્રનો સંકોચ કરતો અને રૂધિરનું વમન કરતો રાવણ વિશ્વને રોવરાવતો વિરસ પોકાર કરવા

લાગ્યો. તેનો દીન પોકાર સાંભળી દ-યાળુ વાલી મુનિ તત્કાળ વિરામ પામ્યા. કારણ કે, તેમનું આ કાર્ય શિક્ષાને માટે હતું, કાંઇ ક્રોધથી નહોતું. પછી રાવણ ત્યાંથી નિકળી, વાલીમુનિને ખમાવીને ભરતે કરાવેલા ચૈત્યમાં અર્હંતની પૂજા કરવા આવ્યો. ત્યાં અંતઃપુરસહિત ભક્તિ પૂર્વક પ્રભુની અષ્ટવિધ પૂજા કરી. પછી પ્રભુપાસે નૃત્યગીત ચલાવતાં વીણાની તાંત ત્રુટી જવાથી તાનમાં ભંગ ન પડવા માટે પોતાની ભુજામાંથી નસ ખેંચી કાઢીને વી-ણામાં જોડી દઇ વગાડવા માંડી. તે વખતે ત્યાં આવેલા ધરણેંદ્રે તેની ભક્તિથી હૃ-દયમાં હર્ષ પામીને અર્હંતના ગુણને ગા-નારા રાવણને કહ્યું કે, વરદાન માગ. તેના ઉત્તરમાં 'મારે અર્હંતની ભક્તિ નિરંતર રહો' એવું રાવણે વરદાન માગ્યું. તો પણ તેને અમોઘવિજયા શક્તિ અને અન્ય વિ-દ્યાઓ આપી ધરણેંદ્ર સ્વસ્થાનકે ગયા. પછી રાવણ તીર્થંકરોને નમસ્કાર કરી નિત્યાલોક

નામે નગરમાં ગયો અને ત્યાં રત્નાવલીને પરણીને પાછો લંકામાં આવ્યો.

વાલી મુનિ કર્મના ક્ષયથી કેવળજ્ઞાનને પામી, સુરઅસુરો જેની ઉપાસના કરે છે એવા પ્રભાવિક થઇ અવ્યયપદ (મોક્ષ) ને પ્રાપ્ત થયા. સુગ્રીવ જ્વલનશિખા વિદ્યાધરની પુત્રી તારા કે જેની સાહસગતિ વિદ્યાધરે માગણી કરેલી હતી તેની સાથે પરણ્યો. તારા સાથે ક્રીડા કરતાં સુગ્રીવને અંગદ અને જયાનંદ નામના બે ઉત્તમ પુત્રો થયા. તારાથા ઠગાયેલા સાહસગતિ વિદ્યાધરે હિમાલય ઉપર જઇ હૃદયમાં તારાનું સ્મરણ કરી વિદ્યા સાધવાનો આરંભ કર્યો.

હવે અહીં રાવણ, ખર વિગેરે વિદ્યાધરોને અને સુગ્રીવ વિગેરે વાનરોને સાથે લઇને વૈતાઢયગિરિ ઉપર ઇંદ્રરાજાને જીતવા ચાલ્યો. માર્ગમાં રેવા નદી આવતાં તેના તીરે બેસીને તે નદીનાં જળ તથા કમળો વડે એક રત્નપીઠ ઉપર પ્રભુને સ્થાપિત

કરીને ભક્તિવાળા રાવણે પૂજા કરી. પછી રાવણ ધ્યાનમાં લીન થતાં અકસ્માત્ જળનું પૂર આવ્યું, તેથી પ્રભુની પૂજા ધોવાઇ ગઈ. તત્કાળ રાવણને ક્રોધ ચડ્યો. એટલામાં કોઈ વિદ્યાધરે કહ્યું કે, "સ્વામી! માહિષ્મતી નગરીના રાજા સહસ્રાંશુએ રેવાજલમાં સ્નાન કરવાને માટે તેના જલનો રોધ કર્યો હતો, તે એકસાથે છોડી દેવાને લીધે તમારી આ જિનપૂજાનો ભંગ થયો છે; અને તેજ તમારા ક્રોધનું કારણ છે. એ રાજા સહસ્રાંશુની પાસે અનેક તેના આત્મરક્ષક રાજાઓ અને સ્રીઓ રહેલી છે." આ ખબર સાંભળી રાવણને ઘણો ક્રોધ ચડ્યો તેથી તત્કાળ સહસ્રાંશુને જિતવાને માટે કેટલાક રાક્ષસોને મોકલ્યા. તેઓ ત્યાં ગયા ખરા પણ સહસ્રાંશુએ કરેલા તેના પરાભવથી તરતજ તેઓ પાછા રાવણની પાસે આવ્યા એટલે રાવણ પોતે ત્યાં ગયો, અને બળથી સહસ્રાંશુને જિતીને પોતાની છાવણીમાં પકડી લાવ્યો.

પછી હર્ષિત થઇ સભા ભરીને બેઠા તેવામાં ત્યાં આકાશમાંથી કોઈ મુનિ આવ્યા. રાવણે તેની પૂજા કરી. 'આ મારો પુત્ર થાય છે અને મારૂં નામ શતબાહુ છે' એવું તે મુનિએ કહ્યું, એટલે રાવણે તે [સહસ્રાંશુ]ને છોડી દીધો. સહસ્રાંશુએ તત્કાળ વ્રત ગ્રહણ કર્યું.

ત્યાર પછી મરૂત્તરાજા હિંસામય યજ્ઞ કરતો હતો, તે હકીકત નારદના વાક્યથી સાંભળી દયાળુ રાવણે તેને અટકાવ્યો. પછી રાવણની આજ્ઞાથી દુર્લંઘ્ય નગરે ઇંદ્રના દિગ્પાળ નલકુબરને જિતવાને કુંભકર્ણ વિગેરે વેગથી ગયા. તે ખબર સાંભળી નલકુબરે આશાલી વિદ્યાવડે પોતાના નગરની આસપાસ સો યોજનનો અગ્નિનો કિલ્લો બનાવ્યો. તેને જોવાને પણ અશક્ત એવા કુંભકર્ણ વિગેરેએ પાછા આવીને તે ખબર રાવણને કહ્યા. નલકુબરની રંભા નામની પત્નીએ રાવણપર અનુરાગ ધરીને તેને આશાલિની વિદ્યા આપી. રા-

વણે તે વિદ્યાવડે અગ્નિનો કિલ્લો સંહરીને દુર્લંઘ્યપુરને કબજે કરી લીધું અને સુદર્શન નામના ચક્રને સંપાદન કર્યું. પછી તે નગર ઉપર તેના અધિપતિ નલકુબરનેજ સ્થાપિત કરી 'પર સ્ત્રી અભોગ્ય છે' એવું ધારી તેની પ્રીયા તેને પાછી અર્પણ કરી. ત્યાંથી રાવણ સૈન્ય લઇને વૈતાઢ્યગિરિ ઉપર ગયો અને રથનુપુર નગરને ઘેરો નાખ્યો. તત્કાળ તેનો સ્વામી ઇંદ્ર કોપ કરીને સામો આવ્યો. 'આપણી વચે વૈર થતાં ફોગટ આ સૈન્યને મારવાથી શું થવાનું છે; માટે આપણે બંન્નેએજ યુદ્ધ કરવું જોઇએ' એવું કહી રાવણે ઇંદ્રને હોકારો કરીને બોલાવ્યો. પછી બન્ને વીર હસ્તી ઉપર ચડી વિદ્યાસ્ત્રોને વર્ષાવવા લાગ્યા, જેથી પર્વતો કંપાયમાન થયા અને સ્વર્ગવાસીને પણ ભયંકર થઈ પડ્યા. પછી છળને જાણનારો રાવણ પોતાના ગજ ઉપરથી છલંગ મારી ઐરાવત ઉપર ઠેકી પડ્યો; અને ત્યાં ઇંદ્રને બાંધી ઉપાડીને વિ-

જય મેળવી પાછો પોતાના હાથી ઉપર આવ્યો. તે વખતે રાક્ષસોના વિજયી સૈન્યમાં હર્ષના કોલાહલનો નાદ થયો અને પરાજય થવાથી વિદ્યાધરોનું સૈન્ય ગ્લાનિ પામી ગયું. રાક્ષસનાયક-રાવણ ત્યાંથી પાછો ફરી લંકામાં આવ્યો અને જેમ પાંજરામાં પક્ષીને પૂરે તેમ ઇંદ્રને કારાગૃહમાં નાખ્યો. તેના પિતા સહસ્રાર રાજાએ લોકપાલ સહિત રાવણ પાસે આવી નમસ્કાર કરીને પુત્રભિક્ષા માગી-એટલે તેના વિનયથી શાંત થઇ રાવણે કહ્યું-જો તે ઇંદ્ર આ મારી નગરીને નિત્ય તૃણકાષ્ટાદિથી વર્જિત કરી, જલથી અભિષેક કરે અને પુષ્પોથી પૂજે-એવી રીતની ક્રિયાને નિત્ય કરે તો હું તેને છોડી મુકું. એ પ્રમાણે કરવાનું કબુલ કરીને સહસ્રાર રાજાએ પોતાના પુત્રને કારાગૃહમાંથી છોડાવ્યો. ઇંદ્ર રથનુપૂરમાં આવી સંસારથી ખેદ પામી વૈરાગ્યથી વ્રત લઇ, તપ કરીને કર્મના ક્ષયથી મુક્તિને પામ્યો.

એક વખતે રાવણે પરસ્ત્રીના સંગથી પોતાનું મરણ જાણી ગુરૂના વાક્યથી જે સ્ત્રી સ્વેચ્છાએ તેને ઈચ્છે નહીં, તેનો ત્યાગ કર્યો.

તે અરસામાં આદિત્ય નગરમાં પ્રલ્હાદ નામના રાજાની કેતુમતી નામની સ્ત્રીના ઉદરથી પવનંજય નામે એક પુત્ર થયો. તેણે માહેંદ્ર નગરના અધિપતિ માહેંદ્ર રાજાની હૃત્સુંદરી નામે રાણીના ઉદરથી જન્મ પામેલી અંજનાસુંદરી નામે કન્યાનો સ્વીકાર કર્યો ( પરણ્યો ). પરંતુ કોઇ પ્રકારના દોષની શંકાથી તેણે મૂળથીજ તેની સંભાળ લેવી છોડી દીધી. તેથી એ સતી સુંદરા બાલા દુઃખમાંજ કાળ નિર્ગમન કરવા લાગી. એકદા સમયે વરૂણ રાજાનો વિજય કરવા માટેમદદ લેવા આવેલા રાક્ષસપતિના દુતે પ્રલ્હાદ રાજાને કહ્યું કે આપને રાવણ પોતાની મદદ માટે બોલાવે છે. તે સાંભળીને પ્રલ્હાદ રાજાને જતા રોકી પવનંજય વિનયથી પિતાની રજા લઇ માતાને નમવા આવ્યો, ત્યાં પોતાની પ્રિ-

યાને જોઈ. તે ચરણમાં આવીને નમી તો પણ તેની અવજ્ઞા કરી, પવનંજય સૈન્ય સહિત આકાશમાર્ગે ચાલીને એક સરોવરને તીરે રાત્રીવાસો રહ્યો. ત્યાં રાત્રીએ એક ચક્રવાકીને વિયોગપીડિત જોઈ. તે વખતે તેવી રીતે સંભાળ વગર દુઃખી થતી પોતાની પ્રિયા સાંભરી આવી. તત્કાલ પ્રહસિત નામના પોતાના મિત્રની સાથે વેગથી તેના આવાસમાં ગયો. ત્યાં પોતાની પ્રિયા અંજનસુંદરીને શિથિલ પડેલી જોઈ. મધુર વચનોથી પ્રિયાને આશ્વાસન આપી કામદેવ જેવા પવનંજયે તે રાત્રિને અર્દ્ધક્ષણની જેમ તેની સાથે સુખમાં નિર્ગમન કરી. પ્રાતઃકાલે જ્યારે પવનંજય જવાને તૈયાર થયો તે વખતે અંજનસુંદરી બોલી. હે નાથ! જો હું સગર્ભા થઉં તો પછી મારે શું કરવું! પવનંજયે તેને અભિજ્ઞાનની મુદ્રા આપી કહ્યું, કે, પ્રિયે! ભય રાખીશ નહીં. એમ કહી માનસસર ઉપર રહેલી પોતાની છાવણીમાં આવ્યો. કેટલોક

કાળ જતાં અંજનસુંદરીના શરીરપર ગર્ભનાં ચિન્હ સ્ફુટ જોઇ કેતુમતી નામે તેની સાસુ તિરસ્કારથી બોલી. અરે! બે કુલને કલંક આપનારી અધમ સ્ત્રી! આ તેં શું કર્યું? પતિ પરદેશ ગયા છતાં તું ગર્ભિણી કેમ થઇ? અંજનાસતી રોતી રોતી પતિની મુદ્રિકા બતાવીને પતિની ગુપ્ત રીતે આવ્યાનો સર્વ વાર્ત્તા કહેવા લાગી. તથાપિ કેતુમતીએ તે માન્યું નહીં; અને તત્કાળ કોટવાળદ્વારા તેને રથમાં બેસારી માહેંદ્રપુરની પાસે મુકાવી. તેની વસંતતિલકા નામે એક સખી સાથે રહી હતી. અંજનાના પિતાએ પણ અંજનાને દોષિત ધારી વસંતતિલકા સહિત પોતાના ઘરમાંથી કાઢી મુકી. રાજાના શાસનથી કોઈ ગ્રામાદિકમાં પણ તેને નિવાસસ્થાન ન મળ્યું. તેથી રખડતી રખડતી તે કોઇક અરણ્યમાં ગઇ. ત્યાં ચારણ મુનિને જોઇ હર્ષ પામીને તેણે નમસ્કાર કર્યો. વસંતતિલકા સખીએ પ્રારંભથી તેનો વૃત્તાંત કહી

બતાવીને પછી મુનિને તેના કર્મના પરિપાક વિષે પ્રશ્ન કર્યો. એટલે મુનિએ તેને કહ્યું કે, લાંતક દેવલોકમાંથી ચવીને એક દેવ એના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે તે વિદ્યાધર થઇ તેજ ભવમાં મુક્તિએ જશે. વળી એના પૂર્વભવનું સ્વરૂપ સાંભળ– પૂર્વે કનકરથ નામના રાજાને લક્ષ્મીવતી અને કનકોદરી નામે બે પત્ની હતી. તેઓમાં લક્ષ્મીવતી શ્રાવિકા હતી. કનકોદરીએ સાપત્ન ભાવથી એક વખતે તેની અર્હંતની પ્રતિમાનું હરણ કરીને તેની અવજ્ઞા કરી, પણ વળી કોઈ સાધ્વીના વાક્યથી પાછી તેની આરાધના કરી. પ્રાંતે ધર્મનો બોધ થવાથી કનકોદરી મૃત્યુ પામીને દેવી થઈ. ત્યાંથી ચવીને આ તારી સખી અંજના થઇ છે. પૂર્વ ભવે કરેલા અરિહંતની પ્રતિમાના દ્વેષથી તે પીડાય છે. પરંતુ હવે તે કર્મ ઘણું ખરૂં ભોગવી લીધું છે. આ પ્રમાણે તેને કહીને મુનિ અંજનાને કહેવા લાગ્યા કે અહુના અગ-

ક્ષય સુખને માટે તું આર્હત ધર્મનું ગ્રહણ કર અને તે કર્મરૂપ શત્રુઓનો નિગ્રહ કર. આ પ્રમાણે કહીને મુનિના ગયા પછી તે અંજના સતીએ ગંધર્વપતિ મણિચૂલની આજ્ઞાથી એક ગુફામાં રહીને એક અદ્ભુત પુત્રને જન્મ આપ્યો. ત્યાં દીનપણે રૂદન કરતી તેને જોઇને પ્રતિસુર્ય નામનો એક ખેચર તેને બ્હેન ગણી પોતાની સાથે વિમાનમાં બેસારીને લઈ ચાલ્યો. વિમાન જ્યારે વેગથી ચાલ્યું, ત્યારે તે કુમાર માતાના ઉત્સંગમાંથી ઠેકીને નીચે પર્વત ઉપર પડ્યો, અને તેના દેહના ભારથી તે પર્વત ચૂર્ણ થઇ ગયો! પ્રતિસુર્યે વેગથી નીચે આવી ભૂમિ ઉપરથી તે બાળકને લઇ લીધો અને અક્ષત શરીરે રહેવાથી હર્ષ આપનારો તે બાળક પોતાની બેન અંજનાને અર્પણ કર્યો. પછી પ્રતિસુર્ય તેને લઇ પોતાના હનુરૂહ નામના નગરમાં આવ્યો અને આનંદથી તેના વાંછિત પૂરવા લાગ્યો.

'આ બાળક જન્મ્યા પછી તરત હનુરૂહ

પુરમાં આવ્યો ' તેથી તેના મામાએ તેનું હનુમાન્ એવું નામ પડયું. અને તે ત્યાં વૃદ્ધિ પામવા લાગ્યો.

હવે પવનંજય વરૂણની સાથે સંધિ કરી, લંકેશપાસેથી પ્રસાદ મેળવી પોતાના નગરમાં આવ્યો. ત્યાં પ્રિયાનું વૃતાંત સાંભળી ઘણો ખેદ પામીને તે સાસરાને ઘેર ગયો, પણ ત્યાં પોતાની પ્રિયાને નહીં જોવાથી વનેવન ભમવા લાગ્યો. તેના પિતા પ્રલ્હાદ પણ તે સમાચાર સાંભળ્યાંથી પવનંજયને અને અંજનાને શોધવામાટે વિદ્યાધરોની સાથે વેગથી પૃથ્વીપર ફરવા લાગ્યા. અહીં પવનંજય વિયોગાગ્નિને અતિ દુઃસહ ધારી પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થતો હતો, તે પ્રલ્હાદરાજાના જોવામાં આવ્યો. એટલે તત્કાળ "હે વત્સ ! આવું અવિચારી કાર્ય કર નહીં," એમ તેને પ્રલ્હાદે કહ્યું અને અટકાવ્યો એટલામાં તો તેના મોકલેલા ખેચરો અંજનાને સાથે લઇને ત્યાં આવ્યા. પછી સર્વે આ-

નંદ પામી પ્રતિસૂર્ય રાજાના આગ્રહથી મહોત્સવ કરતા હનુરૂહ નગરમાં આવ્યા. ત્યાંથી બીજા સર્વે રજા લઇને પોતપોતાના નગરમાં અનુત્સુકપણે ચાલ્યા ગયા અને પવનંજય તથા અંજના પુત્રનીસાથે ત્યાંજ રહ્યાં. હનુમાન્ કુમાર ત્યાં રહી લોકોને હર્ષ આપતો વધવા લાગ્યો. અનુક્રમે તેણે સર્વકળા સંપાદન કરી અને યૌવનાવસ્થા પામ્યો. અન્યદા વરૂણસાથેના યુદ્ધમાં હનુમાનનું અદ્ભુત બલ જોઇ હર્ષ પામેલા રાવણે તેને પોતાની મેહેરબાનીનું પાત્ર કર્યા. વરૂણની પુત્રી સત્યવતી, ખરવિદ્યાધરની પુત્રી અનંગકુસુમા અને તે શિવાય બીજી ઘણી કન્યાઓની સાથે હનુમાન્ કુમાર પરણ્યો. રાવણરાજા સૂર્ય વિગેરે નવ વિદ્યાધરોને જીતી, તેમને ઇંદ્રની જેમ પોતાના કામ કરનારા કરી સુખે રાજ્ય કરવા લાગ્યો.

અહિં દંડકારણ્યમાં રામચંદ્ર રહેલા છે ત્યાં એક વખતે ક્રીડાને માટે ફરતાં ફરતાં

લક્ષ્મણે વનમાં એક ખડ્ગ જોયું. ક્ષાત્ર-પણાથી તે ખડ્ગને લઈ તે વડે તેની પાસે વંશજાળ હતી તેને લક્ષ્મણે કમળના નાળની જેમ છેદી નાખી. તેવામાં તો તેની આગળ કોઇનું મસ્તક કપાઇને પડેલું જોવામાં આવ્યું. તે જોઇને 'અહા! કોઈ યુદ્ધ કર્યા વગરના પુરૂષને મેં મારી નાખ્યો,' એવો લક્ષ્મણને પશ્ચાત્તાપ થયો. પછી તે ખડ્ગ લઇ રામચંદ્ર પાસે જઈને લક્ષ્મણે તે વૃત્તાંત રામને કહ્યો. રામે કહ્યું કે 'તમે આ કાર્ય સારૂં કર્યું નહિ, આ ચંદ્રહાસ ખડ્ગ છે, અને એ પુરૂષ તેનો સાધનાર છે, કે જેને તમે મારી નાખ્યો છે. પરંતુ આટલામાં તેનો કોઈ ઉત્તર સાધક પુરૂષ પણ હોવો જોઇએ.' તેવામાં રાવણની બેન સૂર્પણખા પોતાના પુત્રને આજે વિદ્યા સિદ્ધ થયેલી હશે એમ જાણી ઘણા પૂજોપચાર લઈને ત્યાં આવી, તેવામાં તો પોતાના પુત્રનું મસ્તક છેદાયેલું તેના જોવામાં આવ્યું- 'હે પુત્ર શંબુક! તને

ક્યા અકાળ શત્રુએ યમદ્વારમાં પોહેંચા-
ડયો ?" એમ પોકાર કરતી ઉંચે સ્વરે તે
રૂદન કરવા લાગી. થોડીવારે તે ઠેકાણે
કોઇ પુરૂષના પગલાંની મનોહર પંક્તિ
તેના જોવામાં આવી. તેને અનુસારે આ-
ગળ જતાં તે રાક્ષસીએ કામદેવની જેવા
મનોહર રામચંદ્રને જોયા. રામના સુંદર
રૂપથી મોહ પામીને તે પોતાનું વેર ભુલી
ગઇ, તેથી તેણે શોક છોડી દઇને સંભોગને
માટે તેમની પાસે યાચના કરી. "આહા!
સ્રીઓને ધિક્કાર છે." પછી રામે 'હું સ્રી
સહિત છું માટે લક્ષ્મણની પાસે જા' એમ
કહેવાથી તે લક્ષ્મણ પાસે આવી. એટલે
'માનસિક વિકારથી તું મારી ભ્રાતૃજાયા[1]
થઇ ચુકીછું તેથી હવે મારે ગૃહણ કરવા
યોગ્ય નથી' એમ કહી લક્ષ્મણે પણ તેનો
ત્યાગ કર્યો. આ પ્રમાણે ઉભયથી ભ્રષ્ટ થ-
યેલી એ દુષ્ટા રોષથી ત્યાંથી નાશીને મ-
સ્તક કુટતી કુટતી પોતાના પતિ પાસે આવી.

1 ભોજાઇ.

અને પુત્રના વધનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળતાંજ ચૌદ હજાર વિદ્યાધર સુભટોની સાથે ખરાદિ વીરો તીક્ષ્ણ કોપ કરતા રામની ઉપર ચડી આવ્યા. રામે લક્ષ્મણને કહ્યું, વત્સ ! તમે અહીં રહો, હું શત્રુઓને હણું છું. મારા આવતાં સુધી આ તમારી ભાભીનું સ્વસ્થપણે રક્ષણ કરજો. લક્ષ્મણ બોલ્યા—આર્ય ! તમારી આજ્ઞાથી હું તે શત્રુઓને એક લીલામાત્રમાં હણી નાખીશ માટે મને તેની સાથે યુદ્ધ કરવા જવાની આજ્ઞા આપો. રામે કહ્યું, વત્સ લક્ષ્મણ ! ત્યારે તમે જાઓ, પરંતુ શત્રુઓ તરફથી કાંઇ સંકટ આવે તો સિંહનાદ કરીને શત્રુઓને હણનાર એવા મને જણાવજો. આ પ્રમાણે રામની આજ્ઞાને મસ્તકવડે નમન કરવાપૂર્વક સ્વીકારીને ધનુષ્યના નાદથી અને ભુજાઓના આસ્ફોટથી શત્રુઓને ત્રાસ ઉત્પન્ન કરતા લક્ષ્મણ યુદ્ધ કરવા ચાલ્યા. શત્રુરૂપી હાથીઓમાં સિંહ જેવા લક્ષ્મણ-

વીર જ્યારે ક્રોધ કરી રણમાં આવ્યા, તે વખતે દુરાશયા ચંદ્રનખા રાક્ષસી પોતાના ભર્ત્તાને મદદ આપવાને માટે રાવણ પાસે જઈને કહેવા લાગી. 'હે બંધુ! કોઇ દેવતાના જેવા બે પુરૂષ દંડકારણ્યમાં આવ્યા છે. તેમણે તપમાં રહેલા તારા ભાણેજ શંબૂકને મારી નાખ્યો છે. મારા કહેવાથી તારા બનેવી તેમનો વધ કરવા ગયેલા છે. અને તે હાલ લક્ષ્મણની સાથે યુદ્ધ કરે છે. તેનો બંધુ રામભદ્ર તેના બળથી અને પોતાના બળથી તેમજ પોતાની સ્ત્રીના સ્વરૂપથી બધા વિશ્વને અસાર ગણે છે. તેની સુંદર કાંતા સીતાની આગલ ગૌરી તો દૂર થયેલી છે, રંભા માનસસરોવરને છોડનારી હંસી જેવી છે, તવિષી દેવી મષી જેવી છે, ઇંદ્રાણી વિમુખ થઇ ગઈ છે, ધૃતાચી પ્રાચીન પુણ્યની નિંદા કરે છે, મેનકા યૂથભ્રષ્ટ મૃગલી જેવી છે, તિલોત્તમા તિલમાત્ર પણ ઉત્તમ નથી, સાવિત્રી લજ્જિત થઈ ગઇ છે, નાગકન્યાઓ

અધોભુમિમાંજ ભ્રમણ કરનારી થઇ છે, પ્રીતિ અપ્રીતિને ઉત્પન્ન કરે છે, અને રતિ રતિનું પાત્ર નથી. એ સ્ત્રીએ રૂપના ગર્વથી સર્વ સ્ત્રીઓના સમુહને હરાવી દીધું છે. એવી એ મનોહર સીતા તમારેજ લાયક છતાં તેને રામ રાખી બેઠેલા છે; જયાં સુધી એ રમણી તારા હાથમાં આવે નહીં ત્યાં સુધી આ તારૂં રાજ્ય, તારી દિવ્ય સ્ત્રીઓ, તારા સ્વરૂપની અદભુત શોભા અને તારૂં અપ્રતિમ બળ તે સર્વને હું બહુ માની શકતી નથી.' આવાં સુર્પણખાનાં વચન સાંભળી રાવણને સીતાપર અનુરાગ ઉત્પન્ન થયો. તેથી તત્કાળ પુષ્પકવિમાનમાં બેસીને તે રામથી પવિત્ર એવા દંડકારણ્યમાં આવ્યો. ગરૂડના તેજ વડે સર્પની જેમ રામભદ્રના તેજવડે જેનું અભિમાનરૂપી વિષ હણાઈ ગયું છે એવો રાવણ ચિંતા કરવા લાગ્યો-આ સીતા વિધાતાની સૃષ્ટિનું ઉલ્લંઘન કરી ત્રણ વિશ્વમાં અદ્ભુતપણે રહેલી છે, અને આ

રામ દુષ્ટપુરૂષોને શિક્ષાને આપનાર છે-તો હવે મારે શું કરવું ! એવી ચિંતામાં જેનું ચિત્ત ડોલાયમાન થયેલું છે એવા રાવણે તરતજ અવલોકિની નામે વિદ્યાનું સ્મરણ કર્યું, એટલે તે વિદ્યા તત્કાળ ત્યાં હાજર થઇ. તેને જાનકીને હરણ કરવાનો ઉપાય રાવણે પુછયો. એટલે તે વિદ્યા બોલી—બાહુથી સમુદ્ર તરવો, શરીરથી અગ્નિને સહન કરવો અને કેશરી સિંહના મુખમાં હાથ નાખવો-એ સર્વ સહેલું છે પણ આ કાર્ય દુષ્કર છે. પરંતુ જો આ રામ તેણે કરેલા સંકેત પ્રમાણે લક્ષ્મણનો સિંહનાદ સાંભળીને ત્યાં જાય, તો પછી સુખેથી સીતાનું હરણ કરી શકાય. માટે હું તેવી યુક્તિ કરૂં. રાવણે કહ્યું, તેમ કરો-એટલે તે વિદ્યાએ બરાબર લક્ષ્મણના જેવો સિંહનાદ કર્યો. તે સાંભળીને સીતાના આગ્રહથી તત્કાળ રામ લક્ષ્મણને મદદ કરવા દોડયા. તે સમયે ચોરના માર્ગને અનુસરતો અધમ રાવણ આ-

કાશમાંથી નીચે ઉતર્યો, અને તેના અવલોકનમાત્રથી ભય પામતી સીતાને તેણે હરી લીધી તે વખતે સીતા-હે તાત! હે કાંત! હે ભ્રાત! હે દીયર! આ દારૂણ રાક્ષસથી મારી રક્ષા કરો-એવો વારંવાર પોકાર કરવા લાગી. સીતાનો આવો આર્તપોકાર સાંભળી પેલો જટાયુપક્ષી ક્રોધ કરીને ત્યાં આવ્યો. અને સીતાને આશ્વાસન આપી રાવણના મુખને નખથી તોડવા લાગ્યો. ક્રોધ પામેલા રાવણે ખડ્ગ ખેંચી જટાયુને મારી નાખ્યો તેથી સીતા વિશેષ ભય પામી અને ભામંડલને સંભારવા લાગી-હે બંધુ ભામંડલ! મારી રક્ષા કર! રક્ષા કર! આ શબ્દો ભામંડલના અનુચર રત્નજટી નામના વિદ્યાધરે સાંભળ્યા એટલે તે સીતાને જાણી ત્યાં દોડી આવ્યો. તેને પછવાડે આક્ષેપ કરતો આવતો જોઇને લંકાપતિએ પોતાની વિદ્યાથી તેની વિદ્યાઓ હરી લીધી જેથી તે ભુમી ઉપર પડી ગયો. પછી લંકેશ નિર્વિઘ્ને ગ-

મન કરી પોતાને સ્થાને આવ્યો. પરંતુ સીતાએ તેની સ્ત્રી થવાની ઇચ્છા કરી નહીં તેથી તેને ખેચરીઓની સાથે દેવરમણ-ઉદ્યાનમાં રાખી.

અહિં લક્ષ્મણ રામને આવેલા જોઇ શત્રુઓને મુકી દઈ કહેવા લાગ્યા- 'આર્ય! સીતાને એકલાં મુકી અહિં કેમ આવ્યા?' રામે કહ્યું, 'તમારો સિંહનાદ સાંભળીને આવ્યો છું.' લક્ષ્મણે કહ્યું, મેં સિંહનાદ કર્યો નથી, તેથી જરૂર કોઇએ આપણને છેતરી લીધા જણાય છે માટે સત્વર પાછા જાઓ અને સીતાની રક્ષા કરો; હું શત્રુઓને મારીને હમણાજ આવુ છું.' તત્કાલ રામ સ્ખલિત થતા શીઘ્રતાથી પાછા આવ્યા. નિવાસસ્થાને આવીને જોતાં રામે જાનકીને દીઠાં નહીં એટલે તત્કાળ મૂર્છા પામ્યા. વનના પવનથી ક્ષણ વારે સંજ્ઞા મેળવી અત્યંત રૂદન કરવા લાગ્યા. પછી તેને શોધવા માટે આમ તેમ ભમતા ભમતા જ્યાં જટાયુ મરવાની તૈયારીમાં હતો ત્યાં

આવ્યા. અને તેને નવકારમંત્ર સંભળાવી સ્વર્ગે પહોંચાડ્યો. પછી લક્ષ્મણ ખર, ત્રિશિરા અને દુષણને સુભટોની સાથે હણી વિરાધ મિત્રને લઇને પાછા વળ્યા. લક્ષ્મણ સ્વસ્થાને આવી કીકિવિનાના લોચનની જેમ શુદ્ધિવિનાના અને સીતાવગરના રામને જોઇ નેત્રમાંથી અશ્રુજળને મુકતા બોલ્યા-'જયેષ્ટબંધુ! હું તમારી આજ્ઞાથી શત્રુઓને જિતીને આવ્યો છું. આ શું છે? મારાં પૂજ્ય ભાભી ક્યાં છે!' એ સાંભળી રામ તેને આલિંગન કરીને બોલ્યા કે, 'સીતાનું હરણ થયું જણાય છે,' લક્ષ્મણે કહ્યું, 'જે મારી જેવો સિંહનાદ થયેલો, તે જરૂર સીતાના હરણને માટે કોઇ માયાવીએ કર્યો હશે. હે જયેષ્ટબંધુ! હવે કાયરપણું છાડી દો. હું સીતાને સત્વર શોધી લાવીશ ' આ પ્રમાણે આશ્વાસન કરેલા રામ અનુજબંધુ સાથે ત્યાં ભમવા લાગ્યા. પછી વિરાધે પોતાના કેટલાક સેવકોને સીતાની શોધ માટે મોકલ્યા. પરંતુ સીતાને કોઇ

ઠેકાણું નહીં જોતાં તેઓ ત્યાં પાછા આવ્યા. તેથી અનુજ બંધુસહિત રામ અને વિરાધ વિશેષ દુઃખી થયા. પછી બંન્ને ભાઇ વિરાધસહિત પાતાલલંકામાં ગયા, ત્યાં ખરના પુત્ર સુંદને હઠથી જિતી લઈ, તે રાજ્ય ઉપર વિરાધને બેસાર્યો.

એક વખતે સુગ્રીવ ક્રીડા કરવા ગયો હતો ત્યાં સાહસગતિ નામે ખેચર વિદ્યા સાધીને કિષ્કિંધા આવ્યો. તે પ્રતારણી વિદ્યાથી સુગ્રીવના જેવો વેષ ધારણ કરી તારાની અભિલાષાથી કામાતુર થઇને અંતઃપુરમાં પેઠો. તેવામાં તો જે સત્ય સુગ્રીવ હતો તે પણ ત્યાં આવ્યો એટલે દ્વારપાલોએ તેને અટકાવ્યો અને કહ્યું કે, સુગ્રીવતો અંદર ગયેલા છે. તે વખતે વાળિનો પુત્ર ચંદ્રરશ્મિ ત્યાં હાજર હતો તેણે માતાની રક્ષા કરવા માટે બંને સુગ્રીવોનું સરખાપણું જોઇને અંદર જઇ પેલા માયાવી સુગ્રીવને અંતઃપુરમાં જતાં રોક્યો. પછી તે વાતની એક્ષૌ અક્ષૌ

ખબર પડવાથી બંને પક્ષના પરાક્રમી વીરોની ચૌદ અક્ષોહિણી સેના એકઠી થઈ. મોટા યુદ્ધમાં વીરલોકોની સાથે યુદ્ધ કરતાં પેલા જાર સુગ્રીવથી સત્ય સુગ્રીવનાં અસ્ત્રો ક્ષીણ થઇ ગયાં. પછી નગરની બાહેર રહી તે અંતરમાં ચિંતવન કરવા લાગ્યો-"અતુલબલ ધરનારો અને અક્ષત પરાક્રમવાળો વાળી ખરેખર સુકૃતી થઈ ગયો કે જે દીક્ષા લઇ સુસંયમી થઇને પરમપદને પામી ગયો. તેના પુત્ર ચંદ્રરશ્મિને પણ ધન્ય છે કે જે બલવાન્ વીરે અમારા બંનેનો ભેદ ન સમજવાથી-રક્ષા કરવા યોગ્ય અને કાઢી મુકવા યોગ્ય કોણ છે તે ન જાણવાને લીધે તે કપટી સુગ્રીવને અંતઃપુરમાં જતો અટકાવ્યો. અત્યારે મારી સહાય કરનાર તો માત્ર એક ખર વિદ્યાધર હતો તેને પણ રામે મારી નાખ્યો છે માટે હવે તો વિરાધના ઉપકારી રામભદ્રનોજ આશ્રય કરૂં." આવો વિચાર કરી પ્રથમ દૂત મોકલી વિરાધને

પુછાવીને તે અનુજ બંધુસહિત રહેલા શ્રીરામને શરણે આવ્યો અને હર્ષથી તેમને નમસ્કાર કર્યો. પછી દયાળુ રામ લક્ષ્મણને સાથે લઇ કિષ્કિંધા નગરીએ આવ્યા. ત્યાં નગર બહાર રહી પેલા માયાવી સુગ્રીવને યુદ્ધ કરવા પરિવાર સહિત બોલાવ્યો. તે નગર બહાર આવ્યો એટલે બંને સુગ્રીવનું સાદૃશ્ય જોઇ રામ અનભિજ્ઞ થઇ ગયા. (સાચા ખોટાને ઓળખી શકયા નહીં) તેથી તેનો ભેદ કરવાને માટે વજ્રાવર્ત્ત ધનુષનો વ્યાઘાત કર્યો. તેના નાદથી કપટ સુગ્રીવની વેષપરાવર્તની વિદ્યા પલાયન કરી ગઇ. પછી રામે એક બાણથી કપટ સુગ્રીવને પ્રાણ રહિત કરી દીધો. સત્ય સુગ્રીવનો સર્વ પરિવાર એકઠો થયો એટલે દાશરથિએ તેને તેના રાજ્ય ઉપર પુનઃ બેસાર્યો. તે સમયે અવસરને જાણનાર વિરાધ અને અગાધ બલવાળો ભામંડળ પરિવાર સાથે ત્યાં આવ્યા જાંબવાન્, હનુમાન્, નીલ, નિષધ, ચંદન,

ગવાક્ષ, અને અંગદ વિગેરે બલવાન્ વીરોને સુગ્રીવે એકઠા કર્યા. પછી કપીશ્વર સુગ્રીવે સીતાને રાવણ હરી ગયો છે એવા ખબર મેળવીને રામની આજ્ઞાથી તેની ખાત્રી કરવાને માટે મહાબલવાન્ અને વિનીત એવા હનુમાન્‌ને મોકલ્યો.

સીતા કે જે પરભાર્યા થવાને ઈચ્છતી નહોતી તેને પોતાની પત્નીઓદ્વારા રાવણ અહર્નિશ સમજાવતો હતો. વિભીષણાદિ સજ્જનોએ અને મંત્રીઓએ રાવણને વારંવાર સમજાવ્યો, તો પણ તેણે જાનકીને છોડી નહીં. કારણ કે 'ભાવિતવ્યતા કદિપણ ફરતી નથી.'

હવે વાયુનો પુત્ર હનુમાન આકાશમાં ચાલતાં મહેંદ્ર પર્વત ઉપર આવ્યો. ત્યાં પોતાના માતામહ મહેંદ્ર રાજાનું નગર જોઈ વિચાર કરવા લાગ્યો કે આ મહેંદ્રે મારી નિરપરાધી માતાને કાઢી મુકી હતી, તો તેને કાંઈપણ મારૂં બલ બતાવું. આવો વિચાર કરી હનુમાને ક્રોધથી સિંહનાદ

કર્યા. તે સાંભળી મહેંદ્ર રાજાએ કોપથી નગર બહાર નીકળી યુદ્ધને માટે હનુમાનને બોલાવ્યો. ચિરકાલ યુદ્ધ કરીને પ્રાંતે મોહ પામેલા માતામહને નમસ્કાર કરી પોતાનું સ્વરૂપ જણાવી હનુમાન પોતાના સ્વામીનું કાર્ય કરવાની શીઘ્રતા હોવાથી ત્યાંથી નીકળ્યો. અનુક્રમે લંકાના પરિસર ભાગમાં આવી આશાળી વિદ્યાને હણી હનુમાને રણમાં આવેલા વજ્રમુખને માર્યો. પછી પવનકુમાર લંકાસુંદરીને પણ જીતી ગાંધર્વવિધિ વડે તેની સાથે પરણ્યો. અને તે રાત્રી તેની સાથે આનંદમાં નિર્ગમન કરી. પ્રાતઃકાળે વિભીષણને ઘેર આવ્યો. હનુમાનના વચનથી વિભીષણ રાવણને સમજાવવા ગયો અને હનુમાન ત્યાંથી ઠેકી જ્યાં સીતા રહેલાં છે, તે વનમાં આવ્યો. ત્યાં રાક્ષસીઓથી વીંટાએલી, મલિન વસ્ત્રને ધરનારી, અને ક્ષુધાથી ગ્લાનિ પામેલી સીતા, રામના નામનું રટણ કરતી જોવામાં આવી. તેને જોઈને હનુમાને

વિચાર્યું કે સીતા ખરેખર વિશ્વપાવની સ-
તી છે. આવી રૂપસંપત્તિવાળી સતીને માટે
રામ ખેદ કરે છે, તે ઉચિતજ છે. પછી
કપિરાજે ગુપ્ત રહી રામની આપેલી મુદ્રા
સીતાના ઉત્સંગમાં નાંખી. તે મુદ્રિકા જો-
ઇને સીતા હર્ષથી ઉચ્છ્વાસ પામ્યાં. સીતાને
હર્ષ થયેલો જોઈ ત્રિજટા રાક્ષસીએ તે વા-
ર્તા રાવણને કહી, એટલે રાવણે દૂતકાર્યમાં
પંડિત એવી પોતાની સ્ત્રી મંદોદરી-
ને સીતા પાસે મોકલી. સીતાએ મંદો-
દરીનો તિરસ્કાર કર્યો તે જોઈ પવનકુમાર
શિંશપાના વૃક્ષ ઉપરથી નીચે ઉતરી પ્ર-
ણામ કરીને બોલ્યો. માતા! તમારા સ્વા-
મી રામ અનુજ બંધુસાથે કુશળ છે. રા-
વણનો અંત લાવનાર અને પવન તથા
અંજનાનો પુત્ર હું હનુમાન્ નામે તેમનો
દૂત છું. તેઓ દંડકારણ્યમાં રહ્યા છે, તેમ-
ની આજ્ઞાથી હું અહિં આવ્યો છું. તે સાં-
ભળતાંજ સીતા ઘણાં ખુશી થયાં અને
તેને આશીષ આપી. પછી હનુમાનના આ-

અહુથી રામભદ્રના સમાચાર સાંભળવાના હર્ષ કરીને એકવિશ દિવસે સીતાએ પારણું કર્યું. પછી સીતાની પાસેથી ચૂડામણિનું અભિજ્ઞાન ( એંધાણી ) લઇ મારૂતિ ત્યાંથી ચાલ્યો અને દેવરમણ ઉદ્યાનનાં વૃક્ષો તેણે ભાંગી નાખ્યાં. તે શિવાય વનપાલકોને હણી રાવણના પુત્ર અક્ષકુમારને પણ મારી નાખ્યો. પછી દશ મુખનો મુખ્ય પુત્ર ઇંદ્રજીત આવી નાગપાશ વડે હનુમાનને બાંધીને રાવણની પાસે લઇ ગયો. રાવણે દુર્વાકય કહ્યું, તે સાંભળી હનુમાને ક્રોધ કરી નાગપાશ તોડી રાવણના મુગટને ચરણના આઘાતથી ભાંગી નાંખ્યો. પછી તે કપિ લંકાનગરીને ભાગી, ત્યાંથી વેગવડે આકાશમાં ઉડીને રામની પાસે આવ્યો. અને રામને નમસ્કાર કરીને સીતાનો ચૂડામણિ અર્પણ કર્યો. જાણે સાક્ષાત્ સીતા આવ્યાં હોય તેમ ધારી ચૂડામણિને આલિંગન કરીને રામે પ્રેમથી પવનકુમારની સંભાવના કરી. પછી રામની આજ્ઞા-

શ્રી સુગ્રીવ વિગેરે સર્વ કપિવીરોએ યુદ્ધમાં આદર કરી સંભ્રમથી પ્રયાણના વાજિત્રો વગડાવ્યા. સર્વ ખેચરો વિમાનવડે આકાશને આચ્છાદન કરતા ચાલ્યા. રામલક્ષ્મણ સહિત સુગ્રીવ વિગેરે સુભટોને જોઇ રાવણના સેતુ અને સમુદ્ર નામે બે સુભટો લડવા આવ્યા. તેમને રામે સમુદ્રના આંગણામાંજ બાંધી લઇને રાવણની સાતા વિષેની આશાને છેદી નાખી. પછી સુવેલ પર્વતપર રહેનારા સુવેલ નામના રાજાને જીત્યો. ત્યારપછી લંકાની નજીકમાં હંસદ્વીપમાં રહેનારા હંસરથરાજાને જિતી લીધો. જ્યારે રામચંદ્ર નજિક આવ્યા, ત્યારે લંકાનગરી ક્ષોભ પામી ગઇ. રાવણે ક્રોધથી રણતૂર્ય વગડાવ્યા. રામને આવેલા જાણી ડાહ્યો વિભીષણ કે જે અનુજ છતાં ગુણવડે શ્રેષ્ઠ હતો, તેણે રાવણ પાસે આવી પ્રણામ કરી કહ્યું, હે દેવ! તમે વિચાર્યા વગર પરસ્ત્રીનું હરણ કર્યું છે, તો હવે અભ્યાગતરૂપે આવેલા રામને તે સત્વર પા-

છી આપી દ્યો. માત્ર એક પરસ્ત્રીને માટે આ રાજ્યનો અને પાપથી પતીત થઇને પરલોક ( સ્વર્ગ ) નો પણ શામાટે ત્યાગ કરો છો? કદિ આપણા સુભટ સમુદ્ર અને સેતુના બંધથી[1] તમને પ્રતીતિ ન થતી હોય તો રામના દૂત તરીકે આવેલા તેના એક સેવક હનુમાને જે કરી બતાવેલું છે, તેનું સ્મરણ કરો. જેને કોપ છતાં પણ ક્ષમા છે, બળી છતાં પણ નીતિ છે અને જે લઘુ છતાં પણ ઉદયવાળા છે એ રામ સદા વિજયી છે. શત્રુની પ્રશંસાથી ક્રોધ પામેલા રાવણે વિભીષણને લંકામાંથી કાઢી મુકયો. એટલે તેણે આવીને વત્સલ એવા રામનું શરણ લીધું. વિભીષણની પછવાડે

---

૧ અહીં ટબો પુરનારે 'સમુદ્ર ઉપર સેતુ ( પાળ ) બાંધવાથી' એવો અર્થ કર્યો છે પરંતુ, જૈનરામાયણ જોતાં એ અર્થ બરાબર જણાતો નથી. વળી આકાશમાર્ગે જતા હોવાથી પાળની જરૂર પણ નથી.

રાક્ષસો અને ખેચરોની ત્રીશ અક્ષોહિણી સેના નીકળી, તેને રામે પ્રીતિથી બોલાવી. પછી વિભીષણને લંકાનું રાજ્ય આપવાની કબુલાત આપીને સૈન્યથી પૃથ્વીને કંપાવતા રામે લંકા નગરીને વીંટી લીધી. તે સમયે રાવણના કોટીગમે બળવાન્ સુભટો ભુજાસ્ફોટ કરતા કરતા નગરીની બહાર નીકળ્યા. શિલા, વૃક્ષ અને લોહના અસ્ત્રો પરસ્પર ફેંકવાવડે રામ અને રાવણના સૈનિકોની વચ્ચે ઘણા વખતસુધી દારૂણ યુદ્ધ ચાલ્યું. બાણ અને પાષાણોના સંપર્કથી ઉઠેલો અગ્નિ વૃક્ષોને બાળતો સતો રણતીર્થે મૃત્યુ પામેલા વીરોના મૃતસંસ્કારને માટે થઇ પડયો. તે મોટી લડાઈમાં પરસ્પર જય મેલવવાની ઇચ્છાએ સુભટો અતિ ઉદ્ધત થવાથી જયલક્ષ્મી હોલાયમાન થવા લાગી. જ્યારે વિજય થવામાં કાંઇક સંદેહ થયો ત્યારે રામે ભ્રકુટીની સંજ્ઞાથી પ્રેરેલા હનુમાન વિગેરે સુભટો યુદ્ધ કરવાને માટે નજીક આવ્યા.

તેમનાથી રાક્ષસ સૈન્યમાં ભંગ થયો એટલે હસ્ત અને પ્રહસ્ત નામે બે વીર રથમાં બેસી કરમાં ધનુષ્ય લઈને યુદ્ધ કરવા માટે દોડતા આવ્યા. તેમને આવતા જોઇ નલ અને નીલ નામના બે મહાકપિ રામની સેનામાંથી નીકળી તેની સન્મુખ ઉભા રહ્યા. તેઓએ હસ્ત પ્રહસ્તસાથે યુદ્ધ કરવા માંડયું. તેમના રથોના નિર્ઘોષને જાણે સહન કરી શકતી ન હોય તેમ પૃથ્વી શબ્દ કરતી ચોતરફથી ફાટવા લાગી. અનુક્રમે નલ કપિએ હસ્તને અને નીલ કપિએ પ્રહસ્તને મારી નાખ્યો. તત્કાળ દેવતાઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. હસ્ત અને પ્રહસ્તનું મરણ થયું એટલે રાવણની સેનામાંથી મારીચ, સિંહજઘન, સ્વયંભૂ, સારણ, શુક, ચંદ્રાર્ક, ઉદ્દામ, બીભસ્ત, કામાક્ષ, મકરજ્વર, ગભીર, સિંહરથ, અને બીજા કેટલાક રથી વીરો યુદ્ધ કરવા માટે સૈન્યની આગળ આવ્યા. તેમની સામે મદનાંકુર, સંતાપ, પ્રથિત,

આક્રોશનંદન, દુરિત, અનઘ, પુષ્પાસ્ત્ર, વિઘ્ન અને પ્રીતિકર વિગેરે વાનરો થયા. અને તેમની સાથે યુદ્ધ કરી તે રાક્ષસોને મારી નાખ્યા. તે વખતે સૂર્ય અસ્ત પામ્યો એટલે સર્વ સૈન્ય પોતપોતાના સ્થાનમાં ગયું. જ્યારે પ્રાતઃકાલ થયો ત્યારે રાવણની ભ્રકુટીએ પ્રેરાયેલા અનેક રાક્ષસ યોદ્ધાઓ રામની સેના સાથે યુદ્ધ કરવા આવ્યા. તે વખતે વિરરસવડે ઉદ્ભટ થઈ નટડીની જેમ હાથમાં રહેલી ખડ્ગલતાને નચાવતા, બાણોથી આકાશને આચ્છાદન કરતા, શબ્દોથી દિશાઓને ગજાવતા, પગથી પૃથ્વીને ફાડતા, પર્વતોને કંપાવતા, સમુદ્રને ઉદ્વેલ કરતા, વૃક્ષોને ભાંગતા અને ચારે તરફ ઉછળતા એવા રામના સુભટો તેમને મારવા લાગ્યા. પછી રાવણે હુંકારો કર્યો એટલે તેના પ્રેરેલા રાક્ષસોએ વૃક્ષોને જળના કલ્લોલ ભગ્ન કરે તેમ વાનર સુભટોને ભગાડયા. પછી યુદ્ધ કરવાને ઉઠેલા સુગ્રીવને અટકાવી હનુમાન્ વીર કોપ કરી રા-

ક્ષસોની સેનામાં પેઠો. તે વખતે માલી નામે રાક્ષસ ધનુષ્યને ભાથાં લઈ મોટી ગર્જના કરતો ક્રોધવડે આક્ષેપ કરી હનુમાનની સાથે યુદ્ધ કરવાને આવ્યો. પરસ્પર અસ્ત્રોના સંતાપવડે અસ્ત્રોને તોડી નાખતા તે બન્ને વીર ક્રોધવડે પ્રલયકાળના બે સૂર્ય ઉદિત થયા હોય તેમ વિશ્વને દુઃપ્રેક્ષ્ય થઈ પડયા. જેવામાં શ્રીશૈલે માલી રાક્ષસને પોતાની હાથચાલાકીથી અસ્ત્રરહિત કરી દીધો. તેવામાં વજ્રોદર નામે રાક્ષસ યુદ્ધ કરવા આવ્યો. તે વખતે ગર્જનાથી દિશાઓને બધિર કરતા પવનકુમારે-પર્વતને વરસતાં વાદળાંઓ જળવડે ઢાંકી દે તેમ બાણવડે તેને ઢાંકી દીધો. તે વખતે 'અહા ! આ બન્ને વીર પરસ્પર એક બીજાને બાધા કરી શકતા નથી તેથી સરખા છે' એવી લોકવાણીને નહીં સહન કરનારા પવનકુમારે તેને તત્કાળ મારી નાખ્યો. વજ્રોદરના વધથી ક્રોધ પામી રાવણના પુત્ર જંબુમાલીએ તિરસ્કારથી

હનુમાનને યુદ્ધ કરવા માટે બોલાવ્યો. તત્કાળ હનુમાન્ સન્મુખ આવ્યો. પછી વીર હનુમાને જંબુમાલીને રથ ઘોડા અને સારથિ વગરનો કરી મુકી લાકડીથી મુગદ્ પરની જેમ મુદ્‌ગરથી તેના મસ્તકપર ઘા કર્યો. જંબુમાલી મૂર્છા પામ્યો એટલે મહોદર અને બીજા રાક્ષસવીરો હનુમાન્ ઉપર દોડયા આવ્યા. પવનકુમારે બાણવડે કોઇને મુખપર, કોઇને ભુજાઓમાં, કોઇને હૃદયમાં અને કોઇને કુક્ષીમાં મારવા માંડયા. તે વખતે રાક્ષસસેનાનો ભંગ જોઈ તેને નહિં સહન કરનાર કુંભકર્ણ વિકરાળ મુખવાળો થઇ હાથમાં ત્રિશૂળ લઇને માર્ગનાં વૃક્ષોને ભાંગતો દોડી આવ્યો. તેણે ચારે બાજુ વાનરોનો નાશ કરવા માંડ્યો તે જોઇ કુમુદ, અંગદ અને માહેંદ્રને સાથે લઇ સુગ્રીવ રાજા વેગથી દોડતો આવ્યો, અને બીજા ભામંડલ વિગેરે વીરો પણ ઘણાં અસ્ત્રોને વર્ષાવવા લાગ્યા. તેઓને કુંભકર્ણે મહા ઉદ્ધત સ્વાપશાસ્ત્રથી ક્ષણવાર

માં નિદ્રા લીન કરી દીધા. પછી સુગ્રીવે પ્રબોધિની વિદ્યાવડે પોતાના સૈન્યને જાગ્રત કરી ગદાવડે શત્રુના રથ અને ઘોડાઓને ભગ્ન કર્યા. એટલે કુંભકર્ણે પણ રોષથી હાથમાં મુદ્ગર લઇને જીર્ણ ભાંડની પેઠે સુગ્રીવના રથને ચૂર્ણ કરી નાખ્યો. સુગ્રીવે શિલાને તોડી નાખે તેવા મુદ્ગરના ઘાતથી વિદ્યુત શસ્ત્રના પેઠે કુંભકર્ણને પૃથ્વીપર પાડી નાખ્યો. પોતાના ભ્રાતાને મૂર્છા પામેલા જોઇને ક્રોધ પામેલા રાવણને અટકાવી, ઇંદ્રજિત કપિસૈન્યમાં પેઠો. તેણે કપિસૈન્યને ઘણો ઉપદ્રવ પમાડયો. તે વખતે ગર્વ કરતા ઇંદ્રજિતને સુગ્રીવે ક્રોધથી યુદ્ધ કરવા બોલાવ્યો. અને તેના નાના ભાઈ મેઘવાહનને ભામંડલે બોલાવ્યો. તે ચારે સહા વીરો પરસ્પર આસ્ફાલન કરતા પૃથ્વી, સાગર, દિગ્ગજ અને પર્વતોને ક્ષોભ કરવા લાગ્યા. પ્રાંતે આયુધ ઉગામીને ક્રોધ પામેલા ઇંદ્રજિત્ અને મેઘવાહને કપીશ્વર સુગ્રીવ અને ભામંડલને નાગપાશથી બાંધી લીધા.

અહીં થોડીવારે સંજ્ઞા મેળવીને કુંભકર્ણે ગદાવડે હનુમાનને પ્રહાર કરી મુર્છિત કરી દઇને પોતાની કાખમાં ઉપાડયો. તે સમયે અંગદસુભટે કુંભકર્ણને યુદ્ધ કરવા બોલાવ્યો. તેની સાથે યુદ્ધ કરતાં તેની ભુંજા ઉંચી થઇ એટલે તેમાંથી પવનકુમાર વેગવડે બહાર નીકળી ગયો. અહીં વિભીષણ રામને નમી રથમાં બેસી નાગપાશવડે બંધાએલા ભામંડલને અને કપીશ્વર સુગ્રીવને છોડાવવા આવ્યો. આ વિભીષણ કાકા—પિતાસમાન હોવાથી તેમની સાથે યુદ્ધ કરવું યુક્ત નથી, એવું ધારી ઇંદ્રજીત અને મેઘવાહન રણમાંથી નાશી ગયા.

એવામાં પૂર્વે અંગીકાર કરેલા વરદાનવાળો ગરૂડદેવ અવાધજ્ઞાનવડે રામનું સ્મરણ આવવાથી તત્કાળ ત્યાં આવ્યો. રામને સિંહનિનદા વિદ્યા, રથ, હળ અને મુશલ તથા લક્ષ્મણને ગારૂડીવિદ્યા, રણમાં શત્રુઓનો નાશ કરનારી વિદ્યુદ્વદના

ગદા અને બીજાં અસ્ત્રો આપી તે દેવ અંતર્ધાન થઈ ગયો. ગારૂડીવિદ્યાના યોગથી ગરૂડ જેનું વાહન થયેલ છે એવા લક્ષ્મણને જોવાથી સુગ્રીવ અને ભામંડલના નાગપાશના સર્પો નાશી ગયા, તેથી રામના બધા સૈન્યમાં જયનાદ થયો અને રાક્ષસોનું સૈન્ય ગ્લાનિ પામ્યું. તે સમયે સૂર્ય પણ અસ્ત થઇ ગયો. પ્રાતઃકાલે રાક્ષસવીરોએ કપિ સૈન્યને ભગ્ન કર્યું એટલે સુગ્રીવ પ્રમુખ વીરોએ આવીને નિશાચરોને નસાડી મુક્યા. રાક્ષસસૈન્યનો ભગ્ન થવાથી ક્રોધ પામેલો રાવણ-ઈંદ્રજિત્ અને કુંભકર્ણ વિગેરે મહા પરાક્રમી વીરોને લઇને પોતે યુદ્ધ કરવા આવ્યો. તે સમયે યુદ્ધ કરવાને તૈયાર થતા રામને અટકાવી બિભીષણ રાવણની પાસે આવી પ્રીતિવડે તેને નિવારીને બોધ કરવા લાગ્યો. હે બંધુ! હજુ સુધી મારૂં વચન માન્ય કરીને જાનકીને છોડી દે. કેમકે યમરાજની જેમ આ રામ તારા કુલનો અંત કરવા આવ્યા છે. તે સાંભળી રાવણ

બોલ્યો—હે વિભીષણ ! મારાથી હણાતો એવો તું ભય પામીને એ વનેચરનો આશ્રીત થયેલો છું, તે છતાં મને બીવરાવે છે. આ પ્રમાણે કહીને તેણે ધનુષ્યનું આસ્ફાલન કર્યું એટલે બન્ને વીરોએ શસ્ત્રની વૃષ્ટિ કરતાં મોટું યુદ્ધ આરંભ્યું. તે વખતે રામ કુંભકર્ણની સાથે, લક્ષ્મણ ઈંદ્રજિતની સાથે, નીલ સિંહજઘનની સાથે, દુર્મેધ ઘંટોદરની સાથે, સ્વયંભૂ દુર્મતિની સાથે, નલ શંભુની સાથે, અંગદ મયની સાથે, સ્કંદ ચંદ્રણખાની સાથે અને ચંદ્રોદરનો પુત્ર વિઘ્નની સાથે[1]—એવી રીતે કપિઓ અને રાક્ષસોનું યુદ્ધ ચાલતાં ઈંદ્રજિતે ક્રોધ કરી લક્ષ્મણની ઉપર તામસ નામે એક શસ્ત્ર મુકયું. તે અસ્ત્રને લક્ષ્મણે તપનાસ્ત્રવડે નિવારી દીધું. પછી

---

૧ અહિં એક શ્લોક રહી ગયો લાગે છે—"ભીમ મંડળ કેતુની સાથે, જંબુમાલી શ્રીદત્તની સાથે, હનુમાન કુંભની સાથે, સુગ્રીવ સુમાળીની સાથે, કુંદ ધુમની સાથે અને ચંદ્રરશ્મિ સારણ રાક્ષસની સાથે.

ઇંદ્રજિતને નાગપાશથી બાંધી લક્ષ્મણે પો-
તાની છાવણીમાં મોકલી દીધો. રામે પણ
કુંભકર્ણને બાંધી પોતાના સૈન્યમાં મોકલી
દીધો. અને બીજા રાક્ષસોને પણ રામના
વીરોએ બાંધી લીધા. તે જોઈ રાવણે ક્રો-
ધથી વિભીષણનો વધ કરવાને એક ત્રિશૂળ
નાખ્યું. તેને લક્ષ્મણે વચમાંથી બાણવડે
છેદી નાખ્યું. પછી રાવણે ધરણેંદ્રે આપેલી
શક્તિ હાથમાં લીધી. અને ધગધગ્ કરતી
તે શક્તિને ક્રોધથી આકાશમાં ભમાડવા
લાગ્યો. તે વખતે લક્ષ્મણવીરે રામનો ભાવ
જાણી સત્વર વિભીષણની આગળ આવી
રાવણને અત્યંત આક્ષેપ કર્યો. રાવણે ગરૂડ
પર રહેલા લક્ષ્મણને જોઇને રાતાં નેત્ર કરી
તેની ઉપર કલ્પાંતકાળના વજ્ર જેવી અતિ
કાંતિદાર તે શક્તિ મુકી. શસ્ત્રોના સમુહને
પણ અવગણિને તે શક્તિ લક્ષ્મણની છાતી
ઉપર પડી, તેથી લક્ષ્મણ તત્કાળ મૂર્છા પા-
મ્યા, અને તેની છાવણીમાં સર્વત્ર શોક
પ્રવર્ત્યો. તે વખતે રામ મહાક્રોધ યુક્ત

થઇ પંચાનન રથપર બેસી હાથીની સાથે સીંહની જેમ રાવણની સાથે યુદ્ધ કરવા આવ્યા. તેમણે પ્રથમ તો રાવણના પાંચ રથ ભાંગી નાખ્યા, એટલે તેના વીર્યને નહી સહન કરનાર રાવણ પોતાના નગર- માં ચાલ્યો ગયો. પછી સૂર્ય અસ્ત પામતાં રામ લક્ષ્મણની પાસે આવ્યા. અને તેની મૂર્છિત અવસ્થા જોઈ રામ પણ મૂર્છિત થ- યા. પછી સાવચેત થઇને વિલાપ કરવા માંડયો.-"હે બંધુ લક્ષ્મણ! શત્રુઓના સમૂહને માર્યાવગર, મને જાનકી સોંપ્યા વગર, અને વિભીષણને પ્રતિજ્ઞાથી આપેલું લંકાનું રાજ્ય આપ્યાવગર અહીં આ રા- મને શત્રુઓથી વીંટાઈ રહેલા અને કુલવ- ર્જીત[1] કેમ મુકોછો? અથવા હે વીર! તેમાં તારો દોષ નથી, હું પોતેજ હજુ શામારે જીવુંછું? હે સુગ્રીવ! મારૂં કાર્ય સાધ્ય, હે હનુમાન! આગળ થા, હે ચંદ્રરશ્મિ! ઉ-

૧ પોતાના કુળ (કુટુંબ) નું કોઇ સાથે ન- થી એવી સ્થિતિમાં.

ત્સાહી થા, હે ભામંડલ! ઉદ્યમી થા. પરંતુ અહીં કોઇ મારૂં નથી કે જે આ મારા અનુજબંધુને સજજ કરે.” એવી રીતે રામ શૂન્ય અને મૂર્છા પામીને વિલાપ કરવા લાગ્યા તે વખતે વિભીષણ બોલ્યો-“હે વિભુ! ધૈર્ય ધરો, કેમકે જે પુરૂષ આ શક્તિથી હણાય છે તે એક રાત્રિ સુધીજ જીવે છે, માટે તેમાં કાંઇ ઉદ્યમ કરો. બહુ સારૂં, એવું રામે કહ્યું, એટલે સુગ્રીવ વિગેરે વીરોએ વિદ્યાથી રામ અને લક્ષ્મણની આસપાસ ચાર દ્વારવાળા સાત કિલ્લા કર્યા. સ્વામીના દુ:ખથી દુ:ખી એવા સુગ્રીવ, અંગદ, ચંદ્રાંશુ અને ભામંડલ વિગેરે ખેચરો તે કિલ્લાને વીંટાઇ રહ્યા. તે સમયે ભામંડલનો ભાનુ નામે એક મિત્ર કે જે વિદ્યાધરોમાં અગ્રણી હતો, તે ભક્તિવડે હિતેચ્છુ થઇને રામ પાસે આવી કહેવા લાગ્યો-“અયોધ્યા નગરીથી બાર યોજન ઉપર દ્રોણરાજાએ પાળેલું કૌતુકમંગલ નામે એક નગર છે. તે દ્રોણરાજા કૈકેયીના સહોદર બંધુ થાય

છે. તેને વિશલ્યા નામે એક પુત્રી છે; તે-
નો કરસ્પર્શ થવાથી શરીરમાં ગમે તેવું
શલ્ય હોય તે પણ નીકલી જાય છે. માટે
હે વિભુ! સૂર્યના ઉદય પેહેલાં તે વિશ-
લ્યાને જો અહિં લવાય તો આ વીર લ-
ક્ષ્મણ સજજ થાય અને શત્રુઓ શલ્યસ-
હિત થાય." તેનું આવું પ્રીતિનું વચન
સાંભળી રામે અંગદ, ભામંડલ અને હનુ
માનને ભરત પાસે જવાની આજ્ઞા કરી.
તેઓ વિમાનમાં બેસી તત્કાળ અયોધ્યા-
માં આવ્યા અને ભરતને જગાડી સીતાના
હરણ પ્રમુખ સર્વ વૃત્તાંત જણાવ્યો. સ્વા-
મીના કાર્યમાં ઉદ્યમવાળા ભરતે વિમાન-
માં બેસી દ્રોણની પાસે આવી વિશલ્યાની
માગણી કરી. દ્રોણરાજાએ એક હજાર ક-
ન્યાઓ સહીત વિશલ્યાને આપી. પછી
ભરતને અયોધ્યામાં મુકી ભામંડલ તે ક-
ન્યાઓને લઇ રામ પાસે આવ્યો. દુરથી
આવતી વિશલ્યાની કાંતિથી સર્વે સૂર્યના
ઉદયની શંકા કરવા લાગ્યા, તેમને હનુમાને

પ્રથમ આવી કાર્ય જણાવીને 'નિઃશંક ક-ર્યા. વિશલ્યાએ આવી લક્ષ્મણને કરસ્પર્શ કર્યો એટલે તેના શરીરમાંથી નીકળી આ-કાશ માર્ગે જતી તે શક્તિને હનુમાને ઠેકીને કરવડે પકડી લીધી. દેવીરૂપ તે શક્તિ બોલી કે હે વીર! હું તો સેવકરૂપ છું માટે મારો કાંઇ દોષ નથી. આ વિશલ્યા-ના પૂર્વ ભવના તપવૈભવથી હું જાઉં છું માટે મને છોડી દ્યો. પછી એ પ્રજ્ઞપ્તિવિ-દ્યાની બેન શક્તિને હનુમાને છોડી દીધી એટલે જાણે પોતાના અપરાધથી ભય પા-મતી હોય તેમ તે ઊછળીને આકાશમાં જતી રહી. પછી પ્રજ્ઞપ્તિના[1] સ્નાનજળવડે સિંચન થયેલા લક્ષ્મણના શરીરના વ્રણ સર્વ રૂઝાઇ ગયા એટલે જાણે સુઇને ઉઠ્યા હોય, તેમ તે તત્કાળ બેઠા થયા. રામે લ-ક્ષ્મણને આલિંગન કરીને બનેલું સર્વ વૃ-ત્તાંત જણાવ્યું અને એક હજાર કન્યા સ-હિત વિશલ્યાને તેની સાથે પરણાવી. તેના

---

1 વિશલ્યા.

સ્નાનજલથી બીજા સુભટોના પણ ઘા રૂઝાઇ ગયા. પછી સર્વેએ મળી વિદ્યાધરોની સાથે હર્ષથી મોટો ઉત્સવ કર્યો.

લક્ષ્મણ જીવ્યાના સમાચાર ચરપુરૂષ પાસેથી સાંભળી રાવણે પોતાના હૃદયમાં બહુરૂપાવિદ્યા સાધવાને માટે સારી રીતે નિર્ણય કર્યો. પછી સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથની અષ્ટપ્રકારી પૂજા કરીને અચળ રાવણે તે વિદ્યા સાધવાનો આરંભ કર્યો. મંદોદરીની આજ્ઞાથી આઠ દિવસ સુધી લંકાના સર્વ લોકો જૈનધર્મમાંજ તત્પર થયા. આઠમે દિવસે રાવણે વિદ્યા સિદ્ધ કરી. પછી પ્રાતઃકાલે મહા ઉદ્દ્ભટ રાક્ષસોના સૈન્યસહિત ઉત્કંઠીત થઇને તે રણભૂમિમાં આવ્યો. તે વખતે કોટીગમે સુભટોના અંગ પડવાથી જેમાં રથોને સ્ખલના થાય છે, તેવું દારૂણ યુદ્ધ ફરીવાર બન્ને સૈન્યની વચ્ચે પ્રવર્ત્યું. મહા બળવાન લક્ષ્મણ બીજા સર્વ રાક્ષસોને છોડી દઇ રાવણને બાણોવડે વિશેષ તાડના કરવા લાગ્યા.

તેથી આકુલ વ્યાકુલ થયેલા રાવણે વિદ્યાથી પોતાનાં ઘણાં ભયંકર રૂપો વિકુર્વ્યાં. ભુમિપર, આકાશમાં, પાછળ, આગળ અને સર્વ બાજુએ વિવિધ આયુધોને વર્ષાવતા ઘણા રાવણો લક્ષ્મણના જોવામાં આવ્યા. તે વખતે એક છતાં પણ જાણે અનેક હોય તેમ લક્ષ્મણ ગરૂડપર બેસી અષ્ટાપદને મેઘની જેમ બાણધારાથી તે બહુરૂપી રાવણને મારવા લાગ્યા. બાણોથી વિધુર થયેલા રાવણે ચક્રનું સ્મરણ કર્યું એટલે અર્ધચક્રી (પ્રતિવાસુદેવ) ના જીવની જેમ પ્રજ્વલિત થતું તે ત્યાં આવીને હાજર થયું. ક્રોધથી રાતા નેત્રવાળા રાવણે તેને ભમાવીને લક્ષ્મણઉપર મુકયું. પણ તે પ્રદક્ષિણા કરીને લક્ષ્મણના હાથમાં આવ્યું. પછી ઇંદ્ર વજ્રને પર્વતઉપર મારે તેમ લક્ષ્મણે તે ચક્ર રાવણના વક્ષસ્થલમાં માર્યું. તત્કાળ જયેષ્ઠમાસની કૃષ્ણ એકાદશીને દિવસે પાછલે પોહોરે મૃત્યુ પામીને રાવણ ચોથા નરકમાં ગયો. તે વખતે જયજયકાર

બોલતા દેવતાઓએ પ્રીતિથી નારાયણની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પછી વિભીષણે ભય વડે 'કઇ દિશામાં નાશી જવુ' એવા સંભ્રમમાં પડેલા રાક્ષસોને પ્રીતિવડે સ્વસ્થ કર્યા. સર્વ સ્વજાતિને માટે પ્રતિપન્ન કરેલા કાર્યમાં સ્થિર રહે છે.

પછી રામે મુકત કરેલા કુંભકર્ણ, ઇંદ્રજિત અને મેઘવાહન વિગેરે નિશાચરોએ જઇને રાવણનું પ્રેતકર્મ[1] કર્યું-અને કુંભકર્ણ, ઇંદ્રજિત્, મેઘવાહન તથા મંદોદરીએ અપ્રમેયબલ નામના મુનિની પાસે જઇ દીક્ષા અંગીકાર કરી. રામે નિષ્કલંક સીતાને લઇ વિભીષણે બતાવેલા માર્ગે ઉત્સવ સહિત લંકાનગરીમાં પ્રવેશ કર્યો. વિભીષણને લંકાનું રાજ્ય આપી છ વર્ષ સુધી ત્યાં રહ્યા. પછી પોતાની માતાને મલવાને ઉત્કંઠિત થયા.

એ અરસામાં વિંધ્યાચળની ભૂમિમાં રહેલા ઇંદ્રજિત અને મેઘવાહન સિદ્ધિપદ-

---

૧ અગ્નિસંસ્કારાદિ ઉત્તરક્રિયા,

ને પામ્યા, ત્યાં મેઘરથ નામે તીર્થ થયું-નર્મદાનદીમાં કુંભકર્ણ સિદ્ધિને પામ્યો, ત્યાં પૃથુરક્ષિત નામે તીર્થ થયું. પછી શુભ દિવસે રામ, સીતા અને લક્ષ્મણ સહિત સુગ્રીવાદિક સેવકોની સંમતિથી પુષ્પકવિમાનમાં બેસી, સ્થાને સ્થાને અનેક આશ્ચર્ય જોતાં જોતાં અનુક્રમે ઉંચી કરેલી અનેક ધ્વજાઓથી શોભિત એવા અયોધ્યાપુરની પાસે આવ્યા. એ ખબર સાંભળીને ભરતે ગજેંદ્ર ઉપર બેસી શત્રુઘ્ન બંધુને સાથે લઇ મોટા ઉત્સવ પુર્વક સામા આવીને રામના ચરણમાં નમસ્કાર કર્યો. રામ અને લક્ષ્મણે વિનયથી બંધુઓને આલિંગન કર્યું. પછી વૃદ્ધ સ્ત્રીઓએ વધાવેલા તેઓએ હર્ષથી અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો. પ્રથમ બંને ભાઇ આનંદથી અપરાજિતા[1] પ્રમુખ સર્વ માતૃવર્ગને પગે લાગ્યા. ભરત થાપણની જેમ રામને અયોધ્યાનું રાજ્ય અર્પણ કરી પોતે ભક્તિ-

૧ કૌશલ્યા (રામચંદ્રની માતા)

થી મોહિત થઈ દાસની જેમ વર્ત્તવા લાગ્યા.

એકદા ભરતે દેશભૂષણ નામના મુનિની પાસે પોતાનો પૂર્વભવ સાંભળીને આગ્રહ કરી દીક્ષા લીધી. પછી ગુરૂના મુખથી શ્રી શત્રુંજયગિરિનો મહિમા સાંભળી એક હજાર મુનિની સાથે ભરતમુનિ યત્નપૂર્વક તે તીર્થ તરફ ચાલ્યા. અનુક્રમે સિદ્ધાચલતીર્થે આવી શ્રી વૃષભ પ્રભુને નમી તેમના પ્રભાવનું હૃદયમાં સ્મરણ કરતા ધ્યાનમાં સ્થિત થયા. પ્રાંતે સર્વ કર્મને ખપાવી, કેવળજ્ઞાન પામી, ભરતમુનિ સહસ્ર મુનિઓની સાથે તેજ સ્થળે અવ્યયપદ ( મોક્ષ )ને પ્રાપ્ત થયા.

રામે અને લક્ષ્મણે તે તીર્થે આવી યાત્રા, ઉદ્ધાર તથા ધ્વજાદિક પુણ્યકૃત્ય કરી વારંવાર તે તીર્થની ઉદ્ઘોષણા કરી.

અન્યદા સીતાની ઉપર આવેલા અપવાદને અગ્નિ જળરૂપ થઇ જવાના દિવ્યવડે દૂર કર્યો. પછી સીતા વ્રત લઈ

તપસ્યા આચરીને અચ્યુતેંદ્ર થયા. શ્રીશૈલ ( હનુમાન ) પણ પોતાનું રાજ્ય પુત્રને આપી વૈરાગ્યથી દીક્ષા લઇ ચિરકાલ પાળીને મોક્ષે ગયા. એકદા ભ્રાતૃસ્નેહની પરીક્ષા કરવા માટે બે દેવોએ આવી લક્ષ્મણને રામના મરણની વાર્ત્તા કહી, તેના શોકશલ્યથી લક્ષ્મણ તત્કાળ મૃત્યુ પામી ગયા. તે ખબર સાંભળી રામના પુત્ર લવણ અને અંકુશ વૈરાગ્યથી દીક્ષા લઈ અનુક્રમે શિવસંપત્તિને પ્રાપ્ત થયા. જટાયુદેવે કરેલા પ્રતિબોધથી લક્ષ્મણના મૃતકર્મ કરી રામે અનંગદેવને રાજ્ય આપ્યું. અને પોતે શત્રુઘ્ન સુગ્રીવ અને વિભીષણ પ્રમુખ સોળ હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. વિવિધ અભિગ્રહને કરનારા રામ મુનિ સર્વ ઠેકાણે વિહાર કરતા કરતા કોટિશિલાએ આવ્યા. ત્યાં ધ્યાન ધરવાવડે તેઓ કેવળજ્ઞાન પામ્યા. પછી પુંડરીક પ્રમુખ તીર્થોમાં વિહાર કરી, તે તીર્થોનો પ્રભાવ વિસ્તારી, પંદર હજાર વર્ષનું આયુ

ષ્ય પૂર્ણ કરી શ્રીરામ મોક્ષે ગયા. તે કાલે શ્રી ભરતાદિ અનેક રાજાઓ શત્રુંજયઉપર મોક્ષે ગયા, તેથી એ તીર્થ અવ્યાહતમુક્તિનું કારણ અને અધિક સેવવા યોગ્ય છે-એવી. રીતે આનંદકારી શત્રુંજય તીર્થના મહિમાથી પવિત્ર પુણ્યના સમુહવાળી વાણીના સમૂહરૂપ જલ કે જે શંખના જેવી ઉજવલ કીર્ત્તિને આપનારૂં છે, તેને પુષ્કરાવર્ત્ત મેઘની જેમ વીરપ્રભુ ભવ્યજનરૂપી ક્ષેત્રમાં વર્ષીને પછી તેના અંકુરો ઉત્પન્ન થવા દેવા માટે અનધ્યાય કરતા હુવા.

સંપુર્ણ.

# શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી બહાર પાડવામાં આવેલાં પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | સુભાષિત સ્તવનાવળી ભાગ પહેલો | નથી |
| ૨ | ,, ભાગ બીજો. | ૦—૪—૦ |
| ૩ | દેવદ્રવ્ય વિષે નિબંધ. | નથી |
| ૪ | સમકિત સલ્યોદ્ધાર [ગુજરાતી] | નથી |
| ૫ | સામાયક સુત્ર અર્થયુક્ત | ૦—૧—૦ |
| ૬ | બે પ્રતિક્રમણ સાસ્ત્રી | ૦—૨—૬ |
| | ,, જૈનશાળા તથા ઇનામમાં | ૦—૨—૦ |
| ૭ | પાંચ પ્રતિક્રમણ શાસ્ત્રી | ૦—૮—૦ |
| | ,, જૈનશાળા તથા ઇનામમાં | ૦—૬—૦ |
| ૮ | શ્રીકેશરીઆજીતીર્થનો વૃત્તાંત | ૦—૨—૦ |
| ૯ | ચંપકશેઠનુ ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૦ | વત્સરાજ ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૧ | રતીસાર કુમારનું ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૨ | નળ દમયંતી ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૩ | થુલીભદ્ર ચરિત્ર | ૦—૩—૦ |
| ૧૪ | શુકરાજ ચરિત્ર | નથી |
| ૧૫ | સુરસુંદરી ચરિત્ર | ૦—૩—૦ |

૧૬ પોસહવિધિ ભેટ

૧૭ પાર્શ્વનાથનો વિવાહલો ૦—૧—૦

૧૮ મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી ચ. ૦—૪—૦

૧૯ અહિપાળ ચરિત્ર ૦—૩—૦

૨૦ ચૈત્યવંદન ચોવીશી ૦—૩—૦

૨૧ સંક્ષિપ્ત જૈન રામાયણ ૦—૩—૦

૨૨ ચરિતાવળી (ઘણી રસીક) ૧—૪—૦

૨૩ પુર્વદેશ તીર્થસ્તવનાવળી (પાકી) ૦-૫—૦

૨૪ ઢુંઢક હિતશિક્ષા ૦—૮- ૦

૨૫ શુદ્ધ સિદ્ધાંત સમાચારી ૦—૮—૦

૨૬ શ્રી જૈનધર્મ પ્રસારક સભાનો
બાર વર્ષનો રિપોર્ટ ૦—૨—૦

૨૭ થી ૩૩ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચ-
રિત્ર પર્વ ૧૦ નું ભાષાંતર.

૧ પુસ્તક પહેલું (આદિશ્વર ચ.) ૧—૪—૦

૨ પુસ્તક બીજું (અજીતનાથજી ચરિત્ર) ૧—૪—૦

૩ પુસ્તક ત્રીજું (પર્વ ૩-૪) ૧—૪—૦

૪ પુસ્તક ચોથું (પર્વ ૫-૬) ૧—૪—૦

૫ પુસ્તક પાંચમું (પર્વ સાતમું
જૈન રામાયણ વિગેરે) ૧—૮—૦

૬ પુસ્તક છઠું [પર્વ ૮ ૯] છપાયછે.

૭ પુસ્તક સાતમું પર્વ ૧૦ મું તૈયાર થાયછે,

આ પુસ્તકો બહુ રસીકને વાંચવા લાયકછે

૩૪ શ્રીઆદિશ્વર ચરિત્ર સંસ્કૃત મુળ૧-૮-૦
૩૫ શ્રી લઘુહેમપ્રક્રિયા વ્યારણ ૧—૮—૦
„ જૈનશાળા માટે ૧—૦—૦
૩૬ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ
(જરૂર ખરીદ કરવા લાયક ૧—૦—૦
૩૭ શ્રીચંદ્રશેખરનો રાસ (રસીક)૧—૦—૦
૩૮ શ્રી યશોધર ચ.રત્ર ભાષાતર ૦—૮—૦
૩૯ શ્રી અભિધાનચિંતામણી કોષ શ્રીહેમ-
ચંદ્રાચાર્યકૃત શબ્દાનુક્રમયુક્ત૧—૮—૦
૪૦ શ્રી શત્રુંજય મ્હાત્મ્ય. શ્રી ધનેશ્વરસુરી
વિરચિત આખા ગ્રંથનું ભાષાંતર.૨ ૮-૦

ઉપર લખેલી તથા બીજી જૈનધર્મની ચોપડ બુકો અમારી ઓફીસમાંથી વ્યાજબી કિંમતે મળી શકશે જોઇએ છેણુ વેલ્યુપેબલથી મંગાવવા તસ્દી લેવી.

અમરચંદ ઘેલાભાઇ.

શ્રી. જૈ. પ્ર. સભાના મંત્રી,